Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 06

March, 2019



ગણેશપુરી (મહારાષ્ટ્ર)ના ભગવાન નિત્યાનંદના પરમ શિષ્ય સિદ્ધમાર્ગ પ્રવર્તક પરમહંસ સ્વામી શ્રીમુક્તાનંદજી, હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે પૂજ્ય શ્રીમોટાની મુલાકાતે પધાર્યા હતા, તે ઘટનાની આ તસવીર છે.

- સંપાદક

(સ્વામી શ્રીમુક્તાનંદજી અંગે આ અંકમાં ક્રમાંક ૯, પૃ. ૧૮ ઉપર લેખ છે.)

# રામનવમી ઉત્સવ નિમંત્રણ



આત્મીય સ્વજનશ્રી, સાદર હરિઃૐ

ચૈત્ર સુદ નોમ, રામનવમીએ પૂજ્ય શ્રીમોટાના ૮૧મા સાક્ષાત્કાર દિને પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સહુ સ્વજન ભાઈ બહેનોના મિલન સમારંભના યજમાન બનવાનો અમોને અવસર પ્રાપ્ત થયો છે. અનેરા એવા આ 'ઉત્સવ'માં આપ સહુને પરિવારજનો-મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન :** સ્વ. લલિતાબહેન ભોગીલાલ ગાંધી, સ્વ. ભોગીલાલ ગોરધનદાસ ગાંધી,
શ્રી અજિતભાઈ ભોગીલાલ ગાંધી તથા સમસ્ત ગાંધી પરિવાર, નવસારી

## કાર્યક્રમની રૂપરેખા

### શનિવાર, તા. ૧૩-૦૪-૨૦૧૯, સાંજે

૬.૦૦ થી ૭.૦૦ : હરિઃૐ ધૂન અને ભજનો - હરિઃૐ મંડળ, લવાછા,ઓલપાડ, સુરત.
૭.૦૦ થી ૮.૦૦ : પૂજ્ય શ્રીમોટાએ ભાઈ શ્રી નંદુભાઈને લખેલ પત્રોનું વાંચન
ડૉ. શ્રી મનસુખભાઈ પટેલ, સુરત.
૮.૦૦ થી ૯.૦૦ : પ્રસાદ

### રવિવાર, તા. ૧૪-૦૪-૨૦૧૯, સવારે

૭.૩૦ થી ૯.૦૦ : નામસ્મરણ - હરિઃૐ ધૂન, નિત્ય પ્રાર્થના અને આરતી.
૯.૦૦ થી ૧૦.૩૦ : ભજનો- ભાવિક પટેલ વૃંદ
૧૦.૩૦ થી ૧૧.૪૫ : ઍવોર્ડ વિતરણ અને પ્રવચન - ડૉ. શ્રી દક્ષેશભાઈ ઠાકર
(પૂર્વ કુલપતિશ્રી-વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી)
૧૧.૪૫ થી ૧૨.૦૦ : યજમાન પરિવાર તરફથી આભાર વિધિ
૧૨.૦૦ થી ૨.૦૦ : ગુરુવંદના અને પ્રસાદ

ઉત્સવ અને ઉતારાનું સ્થળ : શ્રી સમસ્ત મતિયા પાટીદાર સેવા સમાજ
કોર્ટની પાછળ, જૂનાથાણા, નવસારી. ફોન : (૦૨૬૩૭) ૨૫૯૦૧૭

વિજ્ઞપ્તિ : તા. ૧૩-૦૪-૨૦૧૯, શનિવારે સાંજે બહારગામથી આવનાર અને ઉતારાના સ્થળે રોકાવા ઈચ્છનાર સ્વજનો તેમના આવવાનો સમય અને સંખ્યા તા. ૦૪-૦૪-૨૦૧૯ સુધીમાં **E-mail** કે **Mobile** થી નીચે જણાવેલ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**PROMSERVE**
**(02637) 255771, 246962**/Mobile : **81286 63952**
**E-mail : promserve@gmail.com**

ચિરાગ ગાંધી (નવસારી)
Mobile : **98796 53127**

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૪ અંક : ૬ માર્ચ, ૨૦૧૯

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. જાગતા નરને સેવો ............................ શ્રીમોટા ૪
૨. સત્પુરુષ દ્વારા જીવાત્માની શુદ્ધિ ....... શ્રીઉપાસની બાબા ૬
૩. મા ! મને જ્ઞાન અને ભક્તિ આપો .................... .................................. સ્વામી વિવેકાનંદ ૭
૪. પ્રભુકૃપાથી મારે કોઈને મૂંડવાના નથી ........... શ્રીમોટા ૯
૫. બાપુનાં અસ્થિ : મારું નિમિત્ત .............. શ્રી નંદુભાઈ ૧૦
૬. હિમાલયમાં દિવ્યાનંદ : (૩) ............... શ્રીદાસાનુદાસ ૧૩
૭. આત્માને પુત્ર પણ ન હોય અને પિતા પણ ન હોય ..... ....................................... શ્રીમદ્ રાજચંદ્ર ૧૬
૮. ચેતનાશક્તિની મદદ ......................... શ્રીમોટા ૧૭
૯. સ્વામી મુક્તાનંદ ............. અનુ. ધનસુખલાલ મહેતા ૧૮
૧૦. એકમાત્ર ચેતન જ છે : શ્રીમોટા ........ કાર્તિકેય અ. ભટ્ટ ૨૦
૧૧. સયાજીરાવ મહારાજ સાથે એક મુલાકાત .......... શ્રીમોટા ૨૨
૧૨. અહિંસા ........................... સ્વામી કૃપાલ્વાનંદ ૨૪
૧૩. વેપાર દ્વારા પણ જીવનવિકાસ શક્ય છે .......... શ્રીમોટા ૨૬

## જ્ઞાનદાન

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી વિનોદરાય મૂળશંકર દવે દ્વારા તેમના ૮૪મા જન્મદિન તારીખ ૧ માર્ચ નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશન માટે સહયોગ અપાયો છે, તે બદલ તેઓશ્રીના તેમ જ તેમના પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

**-સંપાદક**

## (૧) જાગતા નરને સેવો

**શ્રીમોટા**

આ સંસારમાં કોઈ સ્વાર્થમાં હોય તો એ સ્વાર્થ તમારા મગજમાં કેટલો રહે છે એની તમને સમજણ પડે છે. કોઈ ભણવાનો વિષય હોય, કોઈ દુનિયાદારીની કે સંસારની વાત હોય, તો તે કેટલા વખત સુધી તમારા મનમાં રહે છે અને આ ભગવાન વિશેની હકીકત જો તમારા મનમાં ટકતી ન હોય તો તમે સમજી લેજો કે આ માર્ગના તમે પ્રવાસી નથી. તો વહેલી તકે નીકળી જાવ. દંભ ના કરો. આ ભગવાનના માર્ગમાં દંભ નહિ ચાલે. Complete transparent frankness, sincerity, Honesty and Devotion આ ચાર વસ્તુ આમાં જોઈશે. નહિંતર નહિ ચાલે.

ત્યારે એક સાધનને પકડીને તમે તેમાં કેટલો વખત રહો છો એની તો પરીક્ષા કરો. આ માર્ગે ચાલવા નીકળેલા મારા બેટા, લઈ મંડેલા છે. કોઈ કરી શકતા નથી. તમે પ્રયોગ કરો. એક સાધનને લઈને તમો તેમાં કેટલા વખત સુધી, કેટલા કાળ સુધી પાંચ કલાક, છ કલાક, સાત કલાક - બેચાર કલાક - કેટલા કલાક સુધી એક સાધનને લઈને તમે વળગી રહ્યા છો... અચ્છા, એ છોડી દો...

**આ તો ભગવાનનો ભાવ કેમ ટકે તેના ઉપર બોલું છું.** ભગવાનનો ભાવ એની મેળે નહિ ટકે. ભક્તિ જોઈશે. અનુરાગ થયા વિના ભક્તિ નહિ લાગે. રાગ જુદો, અનુરાગ જુદો. રાગ કરતાં અનુરાગ વધે છે, તમારા સંસ્કૃત શબ્દને ડિક્શનરીમાં ખોળી લેજો. સામાન્ય માણસોને સમજણ નહિ પડે.

હવે, પેલાં સાધનો તો સાલાં ખટપટિયાં, એટલે એ તો આપણાથી નહિ થાય ત્યારે કોઈ જીવતા જાગતા નરને સાધો. કબીર સાહેબે કહેલું છે કે **જાગતા નર સેવીએ,** પણ કોને એવી પડી છે, જાગતા નરને સેવવાની ? મેં આ બહુરૂપીનો વેશ લીધો છે, તે બધા મને પગે લાગે છે, ગુરુ કરે છે ! પછી કહે બાપા આમ કરો, તેમ કરો. તે મને ખબર તો પડે છે, પણ મારી હાહુના તમે કેટલા કાળ માટે આ ગુરુને તમારા મનમાં રાખો છો ? આ ચોવીસ કલાકની અંદર કેટલા કલાક રાખ્યો ? કેટલી મિનિટ રાખ્યો ? તેનો હિસાબ તો જરા કાઢો ને મને બતાવો. હું કબૂલ કરીશ અને હું ખોટો હોઈશ તો જગતમાં જાહેર કરીશ કે હું જુઠ્ઠો. દયારામભાઈએ એક વખત ગાયું છે, 'હું જુઠ્ઠો જગદીશ, લજ્જા મારી રાખેથી રહેશે'. હું મારી જાતને છાવરીશ નહિ.

ઘણાં મને કહે છે કે મોટા, તમે આમ ન કર્યું, આમ ન કર્યું. અરે મૂઓ ! સાલા મોટાને જવા દોને. તમે તમારી જાતને તપાસોને ! **તમારે ભગવાનને માર્ગે જવું હોય તો બીજાનો આશ્રય લેવાનું છોડી દો.** તમારામાં આગળ વધવાની તમન્ના જ્વાળામુખીના જેવી કેટલી પ્રગટેલી છે, એ તમે જોઈલો.

સાલો ક્રોધ આવે તો ખબર પડે છે. મોહ થાય છે તો ખબર પડે છે. સ્વાર્થ લાગે તો ખબર પડે છે. એની સભાનતા તમને રહે છે. તો ભગવાનના ભાવની તમને સભાનતા ન

રહે એ કેમ બની શકે ? કોઈ પણ સાયકૉલૉજિસ્ટ (મનોવૈજ્ઞાનિક)ને લાવો મારી પાસે. જો સ્વાર્થની તમને સભાનતા રહે તો ભગવાનના ભાવની કેમ નહિ ? તો કહેશે કે 'મોટા એ તો ઘડીપળ-થોડીકવાર રહે છે.' અચ્છા ભાઈ, કબૂલ છે. ભલે થોડી પળ. પણ ચોવીસ કલાકની અંદર કેટલો રહે છે તેનો સરવાળો તો કાઢો કે પાંચ મિનિટ રહી, બે મિનિટ રહી એના ઉપરથી તમારું માપ કાઢો કે આ માર્ગના તમે પ્રવાસી છો કે કેમ ?

**હવે સાધન ન થઈ શકે, તો સદ્‌ગુરુને વળગો.** સદ્‌ગુરુ, એ પાંચ તત્ત્વોનું શરીરનું ખોખું છે એ વાત સાચી, પણ તમારી પાસે કોઈ પરીક્ષા નથી કે આ જાગતો છે કે મારી હાહુનો ઊંઘતો છે ? આ કામી છે કે ક્રોધી છે ? તમારી પાસે કોઈ થરમૉમિટર છે નહિ. કોઈ નિમિત્ત સંજોગે એવો આવી મળે તો બુદ્ધિથી, ભાવનાથી સમજી લો, પણ **એને એક માણસ તરીકે સમજ્યા તો તમારો ભાવ નહિ બેસે.** તમારે એને જો સદ્‌ગુરુ તરીકે સ્વીકારવો હોય તો ભાવ રાખો. એ કયે દહાડે કહીને નીકળ્યો છે, નાળિયેર આપવા ? એ વરઘોડો કાઢીને નીકળ્યો નથી કે મને સદ્‌ગુરુ કરો ભાઈ, પણ જો તમારે એને ગુરુ કરવો હોય તો તમારે ભાવ કેળવવો પડશે. નહિતર મેલો માથાકૂટ.

દિવસના ચોવીસ કલાકમાંથી ચાર કલાક એ લીધેલ એક સાધનમાં તમો ટકી રહો, તો તમે એ સાધનામાં ટકી રહેશો. પછી સમય વધારતા જવો જોઈએ. પંદર-સોળ કલાક સુધી તમે લઈ જાવ. **પછીનું કામ ભગવાન કરશે કે તમારો સદ્‌ગુરુ કરશે.**

મેં આ અનુભવપૂર્વક સમજી સમજીને મગજમાં બુદ્ધિ દોડાવીને કર્યું છે.

પણ મૂળ વાત એ છે કે ભગવાનનો ભાવ આપણા અંતરમાં પ્રકટ્યા સિવાય, ભગવાનની સભાનતા કદી આવી શકવાની નથી. એ અશક્ય છે. કાં તો તમે સાધના કરો અને સાધનને ચૌદ-પંદર કલાક સુધી લઈ જાવ તે એક માર્ગ. બીજો માર્ગ છે કાં તો સદ્‌ગુરુ કરો તો એનામાં પ્રેમભક્તિપૂર્વક કરો. આ તો જોઈએ તેટલાં ખૂન કરી નાખે છે. આ મારી સાથે વળગેલાંને હું જોઉં છું, કે જોઈએ તેટલાં ખૂન કરી દે. એવું એવું વિચારે છે કે ભવિષ્યમાં હું તો એની સામેય ના જોઉં. મને અનુભવ છે. પણ મેં એવું કર્યું નથી. મારો ધર્મ છે ચાહવાનો. જેને તેને બધાંને હું ચાહું છું.

એટલે મૂળ વાત હું કહેતો હતો કે ભગવાનનો ભાવ આપણામાં ટકે તે માટે બે વાત. કાં તો તમે સાધના કરો અને સાધના કરતાં કરતાં સદ્‌ગુરુને ધારણ કરો. સદ્‌ગુરુ ના હોય અને સાધના કરવી હોય તો પ્રત્યેક કર્મ થતાં થતાં હરિની સભાનતા મોખરે તમારામાં રહેવી જોઈએ. તો જ એ યોગ, તો જ એ ભક્તિ, તો જ એ જ્ઞાન. નહિતર નહિ સાહેબ ! **સભાનતા એની પહેલી, કર્મ પછી.**

શ્રીમોટા વાણી-૫,પ્ર.આ.,પૃ.૧૦ ❑

હરિઃૐ
(અનુષ્ટુપ)
**આશ્રય સદ્‌ગુરુકેરો જેને છે પ્રેમભક્તિથી,**
**સર્વ સંભાળ તેવાની લેવાય બધી રીતથી.**
'શ્રીસદ્‌ગુરુ' પ્ર.આ.પૃ.૧૭૮

# (૨) સત્પુરુષ દ્વારા જીવાત્માની શુદ્ધિ

**શ્રીઉપાસની બાબા**

સાબુનું કામ  મેલ કાઢવાનું હોય છે. તેવી જ રીતે સત્પુરુષનું કામ મળ લેવાનું હોય છે. એક તો આપોઆપ આવે તો લેવાનો, નહિ તો બળજબરીથી લેવાનો. એટલે કે સત્પુરુષ ધોબી જેવા હોય છે, પણ તમે તેમની સાથે સંબંધ રાખો તો મળહરણ કરવાનું કામ તેઓ કરતા રહેશે.

**'મળ' એટલે જેના યોગે આત્મદર્શનમાં અડચણ થાય છે તે-મળ એટલે કે અનેક કર્મોનાં પાપ. આત્મદર્શન એટલે આપણે પોતે કોણ છીએ એ સમજી લેવું. એ જ મનુષ્યનું કર્તવ્ય છે.** સત્પુરુષ સાબુ પ્રમાણે આત્માના મળ (પાપ)નો નાશ  કરે છે. જેમ જેમ મળનું હરણ થતું જાય છે, તેમ તેમ આત્મા ઉજ્જ્વલ થતો જાય છે. અને પછી આત્મદર્શન થતું જાય છે.

**''સદ્‌ગુરુ ધોબી જ્ઞાનજલ, સાબ સર્જનહાર,**
**સુરત શિલાપર ધોઈએ, નિકસે જ્યોત અપાર''**

માણસને પ્રત્યક્ષ આત્માનંદ થતો નથી એટલે એ બાહ્ય વસ્તુઓ પોતાની માનીને તેના દ્વારા આનંદ લેવાનો પ્રયત્ન કરે છે, પણ તે બાહ્ય વસ્તુ સંબંધી કંઈ અડચણ હોય તો તેનાથી પણ આનંદ  મળતો નથી.

મેલાં કપડાંને ધોબી પાસે ધોવડાવી સ્વચ્છ કપડાં પહેરીએ છીએ. ગંદકીવાળાં વાસણ પાણીથી સાફ કરીને ઉપયોગમાં લઈએ છીએ. કાંકરાવાળા ચોખા સાફ કરી પછી ભાત કરીએ છીએ. મુખદર્શનના આનંદ માટે અરીસાને સ્વચ્છ કરીએ છીએ. આ જ પ્રમાણે આપણા આત્મા પર મેલ જામી ગયેલ હોવાથી આત્માનંદ મેળવી શકાતો નથી. અરીસા ઉપરનો મેલ અરીસો પોતે કાઢી શકતો નથી. એ રીતે સ્વધર્માચરણ, ઈશ્વર ભજન, પૂજનાદિ દ્વારા પોતે પોતાનો મળ સ્વચ્છ કરી ન શકીએ તો આત્મા પરના મેલ કાઢવાની યોગ્યતા જેમણે મેળવી હોય એવા સત્પુરુષ સદ્‌ગુરુ પાસે આપણે જવું રહે. આવી યોગ્યતા ધરાવતા સત્પુરુષ તમારા આત્મા પરનો મેલ કાઢી તમોને આત્મદર્શન કરાવી દેશે.

બાહ્ય વસ્તુ સ્થૂળ છે. આપણી સ્થૂળ દૃષ્ટિએ તે જોઈ શકીએ છીએ. તેમ છતાં આપણી પીઠ ઉપરનો મેલ આપણે જોઈ શકતાં નથી. એ બીજાને દેખાય છે એટલે એને દૂર કરવા માટે બીજાની મદદની જરૂર પડે છે. આવો મળ જોનાર એટલે જ સત્પુરુષ. સત્પુરુષનો તો તે ધર્મ જ હોવાથી તે મળ કાઢી આપે છે.

ભગવાને ગીતામાં કહ્યું છે કે **''પરિપ્રશ્નેન સેવયા''** સદ્‌ગુરુને સેવા, પ્રશ્ને ઇત્યાદિથી પ્રસન્ન કર્યા પછી તેઓ ગમે તે રીતે તે મળ કાઢી આપે છે. અરીસામાં કેવુંયે પ્રતિબિંબ પડે તોપણ અરીસાને ધક્કો લાગતો નથી. તે રીતે સત્પુરુષનો આત્મા સ્વચ્છ હોવાથી તમારા ગમે તેવા ખરાબ સંસ્કારથી કે મળથી તેને કાંઈ વાંધો આવતો નથી. તમારો આત્મા પણ મૂળમાં તો સ્વતઃ સિદ્ધ, સ્વચ્છ જ હોય છે, પણ તેના ઉપર મેલ હોવાથી તમને તેનાં દર્શન થતાં નથી.

અનેક વિષય વસ્તુના લોભના કારણે આત્મા ઉપર મળ સંચય થાય છે. એટલે ધન, દ્રવ્યાદિ જેવી વિષય વસ્તુ કોઈ કોઈ સત્પુરુષ માગી લે છે. જેની પાસેથી માગી લે છે તેના ઉપર સત્પુરુષની કૃપા થઈ અથવા ઉપકાર કર્યો એમ

**(અનુસંધાન પેજ નં. ૨૫ ઉપર)**

# (૩) મા ! મને જ્ઞાન અને ભક્તિ આપો

સ્વામી વિવેકાનંદ

... હવે હું સંસારી લોકોની નિંદા કે સ્તુતિ તરફ ઉદાસીન બન્યો. મને ખાતરી થઈ ગઈ કે સામાન્ય લોકોની માફક પૈસા કમાઈને કુટુંબનું ભરણપોષણ કરવા માટે કે સ્થૂળ આનંદોની પાછળ મંડ્યા રહેવા માટે હું જન્મ્યો નથી. મારા દાદાની પેઠે સંસારત્યાગ કરવા માટે મેં ગુપ્ત રીતે તૈયારી કરવા માંડી. આ હેતુ માટે મેં એક દિવસ મુકરર કર્યો અને એ જ દિવસે ગુરુદેવ કલકત્તામાં પધારવાના છે એવું સાંભળીને હું રાજી થયો. મને મનમાં થયું કે મારું સદ્ભાગ્ય છે કે ગુરુદેવના આશીર્વાદ લઈને હું સંસારનો ત્યાગ કરીશ.

એ પછી જેવો હું ગુરુદેવને મળ્યો કે તરત જ એમણે મને રાતે દક્ષિણેશ્વરમાં પોતાની સાથે રહેવાનું કહ્યું. મેં અનેક બહાનાં કાઢ્યાં, પણ કંઈ ચાલ્યું નહિ. એટલે મારે એમની સાથે જવું પડ્યું. ગાડીમાં બહુ વાતચીત ન થઈ.

દક્ષિણેશ્વર પહોંચીને હું બીજાઓની સાથે એમના ઓરડામાં કેટલોક સમય બેઠો. એ વખતે એ ભાવાવેશમાં આવી ગયા. મારી નજીક સરક્યા અને અત્યંત મૃદુતાપૂર્વક સ્પર્શ કરીને, આંખોમાં આંસુ ભરીને એક ભજન ગાવા લાગ્યા. આટલા વખત સુધી મેં મારી ઊર્મિઓ દબાવી રાખી હતી, પરંતુ હવે આંસુઓરૂપે ઊભરાઈ આવી. ભજનનો અર્થ સ્પષ્ટ હતો. **એ મારો ઈરાદો કળી ગયા હતા.**

રાતે તેઓએ બીજાઓને વિદાય આપી અને મને પોતાની પાસે બોલાવીને કહ્યું, **'હું જાણું છું કે તું જગદંબાનું કામ કરવા આવ્યો છે અને સંસારી જીવન જીવી શકીશ નહિ, પરંતુ મારી ખાતર હું જીવું છું ત્યાં સુધી થોભી જા.'** આમ કહીને એ ફરીવાર રડી પડ્યા.

બીજે દિવસે એમની રજા લઈ હું ઘેર પાછો ફર્યો. કુટુંબના ભરણપોષણ વિશે સંખ્યાબંધ વિચારો મને ઘેરી વળ્યા. હું વળી નોકરીની શોધ કરવા મંડી પડ્યો. એક વકીલની ઑફિસમાં કામ કરીને તેમ જ થોડાંક પુસ્તકોનો અનુવાદ કરીને હું કેવળ નિર્વાહ પૂરતું જ મેળવી શકતો, પરંતુ આ કંઈ કાયમની આવક ન હતી. અને મારાં માતા તેમ જ ભાંડુઓના ભરણપોષણ માટે નિશ્ચિત આવક પણ થતી ન હતી.

એક દિવસ મને વિચાર સૂઝી આવ્યો કે, 'માતાજી તો શ્રીરામકૃષ્ણની પ્રાર્થના સાંભળે છે, તો પછી મારી આર્થિક તંગી ટાળવા માટે મારા વતી પ્રાર્થના કરવાનું એમને શા માટે ન કહેવું ?' એમ ધારી હું એકદમ દક્ષિણેશ્વર પહોંચ્યો અને ભૂખે મરતા મારા કુટુંબની ખાતર એમની પાસે પ્રાર્થના કરાવવાનો મેં આગ્રહ કર્યો. એમણે કહ્યું, 'બેટા મારાથી આવી માગણી થઈ શકે નહિ, પરંતુ **તું પોતે જ જઈને જગદંબાની પ્રાર્થના શા માટે કરતો નથી ? તારાં બધાં દુઃખો એની અવગણનાના કારણે જ છે'.**

**મેં કહ્યું, 'હું જગદંબાને જાણતો નથી.** કૃપા કરીને તમે મારી ખાતર એમને વિનંતી કરો. તમારે એમ કરવું જ પડશે'. એમણે ભારપૂર્વક જવાબ આપ્યો, 'બેટા ! મેં તો વારંવાર એવી પ્રાર્થનાઓ કરી છે, પરંતુ તું એને માનતો નથી. એટલે મારી પ્રાર્થના એ મંજૂર કરતી નથી. ઠીક, આજે મંગળવાર છે. આજે માગી લે જે. તારી

માગણી અવશ્ય મંજૂર થશે. એ તો જ્ઞાનસ્વરૂપ છે, પરબ્રહ્મની અકળ શક્તિ છે. અને સંકલ્પ માત્રથી એણે સૃષ્ટિનું સર્જન કર્યું છે. કોઈ પણ વરદાન આપવું એ એની સત્તાની વાત છે'.

**મેં એમનો શબ્દ સાચો માન્યો અને હું આતુરતાપૂર્વક રાત પડવાની રાહ જોવા લાગ્યો.** લગભગ નવ વાગ્યે ગુરુદેવે મને મંદિરમાં જવાની આજ્ઞા કરી. હું અંદર ગયો અને દિવ્ય આવેશમાં આવી ગયો. મારા પગ સ્થિર ન રહ્યા. મંદિરમાં પ્રવેશ કરીને, મૂર્તિ ઉપર નજર નાખતાં વેંત જ મને અનુભવ થયો કે દિવ્ય પ્રેમ અને સૌંદર્યના સાક્ષાત્ ધામરૂપ જગદંબા હાજરાહજૂર છે. મેં જગદંબાને વારંવાર દંડવત્ પ્રણામ કરવા માંડ્યા અને પ્રાર્થના કરી, 'મા ! મને વિવેક આપ ! મને વૈરાગ્ય આપ ! મને તારાં સતત દર્શન થતાં રહે એવું વરદાન આપ'. જગદંબાનો પ્રકાશ જ હૃદયમાં વ્યાપી ગયો.

જેવો હું મંદિરમાંથી પાછો ફર્યો કે તરત જ શ્રીરામકૃષ્ણે મને પૂછ્યું, 'સાંસારિક ગરીબી ટાળવા માટે માને પ્રાર્થના કરીને ? આ પ્રશ્નથી હું ચમકી ગયો અને બોલ્યો કે 'ના મહાશય ! એ બધું તો હું ભૂલી જ ગયો, પરંતુ હવે કોઈ ઉપાય છે ?' એમણે જવાબ દીધો, 'ફરીથી જા અને તારે જે જોઈએ તેની એને વાત કહે.' હું ફરીથી મંદિર તરફ ઊપડ્યો, પરંતુ જગદંબાને જોઈને વળી મને મારાં કાર્યની વિસ્મૃતિ થઈ ગઈ.

મેં એને વારંવાર પ્રણામ કર્યા અને કેવળ પ્રેમ અને ભક્તિની માગણી કરી. ગુરુદેવે પૂછ્યું, 'બીજી વાર તો માગણી તેં કરી કે નહિ ? મેં તો જે બન્યું હતું તે કહી સંભળાવ્યું.

એ બોલ્યા, 'કેવો મૂઢ જેવો છે ! એ થોડાક શબ્દો બોલી જવા જેટલો કાબૂ પણ તું ન રાખી શક્યો ? વારુ, હજી એકવાર વધુ પ્રયત્ન કર અને એમની સમક્ષ તારી માગણી મૂકી જો. જલદી કર'.

હું ત્રીજી વખત ઊપડ્યો, પરંતુ મંદિરમાં પ્રવેશ કરતાં જ મને અત્યંત શરમનો અનુભવ થયો. મને થયું, **જાણે કોઈ મહાન રાજા પાસે થોડી શાકભાજીની યાચના કરવા જેવું છે ! હું પણ કેવો બેવકૂફ !** શરમ અને પશ્ચાત્તાપ અનુભવીને મેં ભાવપૂર્વક જગદંબાને પ્રણામ કર્યા અને કહ્યું, **'મા ! હું જ્ઞાન અને ભક્તિ સિવાય બીજું કશું ઇચ્છતો નથી.'**

મંદિરમાંથી બહાર આવીને હું સમજ્યો કે આ બધું શ્રીરામકૃષ્ણની ઇચ્છાથી જ થયું છે, નહિ તો ત્રણ ત્રણ વાર મારા ઉદ્દેશથી હું ચલિત કેમ થાઉં ? હું એમની પાસે ગયો અને બોલ્યો, 'મહાશય ! આપે જ મારા મન ઉપર કાંઈ જાદુઈ પ્રભાવ પાડ્યો છે અને મને વિસ્મૃતિમાં નાખ્યો છે. હવે કૃપા કરીને આપ જ એવું કરી આપો કે મારા કુટુંબીજનોને દરિદ્રતાની યાતના ભોગવવી ન પડે'.

એમણે કહ્યું, 'આવી પ્રાર્થના કદાપિ મારા મુખમાંથી ન નીકળે. મેં તને પોતાની મેળે જ માગી લેવાનું કહ્યું, પરંતુ તું કરી શક્યો નહિ. એવું જણાય છે કે **તું સાંસારિક સુખ ભોગવવા માટે સર્જાયો નથી.** ત્યાં હું શું કરું ?' પરંતુ હું એમને છોડું એમ ન હતો. મેં તો મારી પ્રાર્થના મંજૂર કરાવવાનો આગ્રહ ચાલુ રાખ્યો. આખરે એ બોલ્યા, **'ઠીક, તારાં કુટુંબીજનોને સાદાં અન્નવસ્ત્રની કદાપિ તાણ નહિ પડે'.**

'સ્વામી વિવેકાનંદ', જીવનચરિત્ર ૫મી આવૃત્તિ, પૃષ્ઠ ૬૧ ❑

કુંભકોણમ્
તા.૫-૮-૧૯૪૭

હું પણ મારા મિત્રોને બીજા એવા સંતાત્માઓ પાસે જવાનું જરૂર સૂચવું છું. અમદાવાદમાં પૂજ્યશ્રી ૧૦૮ આનંદમયી મૈયા પધારેલાં ત્યારે ભાઈ નંદુને મેં ખાસ કરીને મોકલેલો. તેમ જ પૉંડિચેરીના આશ્રમે પણ તથા એવા બીજે ઠેકાણે જવાને પણ તેમને જવાની સલાહ આપેલી.

આધ્યાત્મિક માર્ગમાં જેને જીવનવિકાસ કરવો છે, તેણે તો જ્યાં જ્યાં સદ્‌ગુણ કે એવી દૈવી સંપત્તિનાં અનુભવ દર્શન થાય ત્યાં ત્યાં કદર-ભક્તિભાવે અને જ્ઞાનપૂર્વક પોતાનું માથું નમાવવાનું રહે છે જ.

કોઈના ગુણની કે એવી દૈવી સંપત્તિની જો આપણાથી કદર ન થઈ શકી તો જાણવું કે હજી આપણે જીવનવિકાસ માટેની લાયક ભૂમિકા મેળવી શકેલાં નથી. જે જે કોઈ ઉચ્ચાત્માને પ્રભુકૃપાથી સંજોગવશાત્ આપમેળે મળવાનું થાય તેની સેવાચાકરી કરવાનું રાખો તેમાં કશું ખોટું નથી.

સંત પુરુષોને જાણવાનું પૂરેપૂરું તો બની શકતું જ નથી. તેથી, જુદીજુદી પ્રકૃતિવાળા જીવથી તેમનાં મૂલ્યાંકનો જુદાંજુદાં અનેક થવાનાં એટલે એ બાબતમાં બીજા લોકો જે કંઈ કહે તેથી આપણે અલગ પડતાં હોઈએ તો તે કંઈ વિમાસણનો વિષય નથી. તમે અમુક સાથે જોડાઓ અગર અમુક સાથે ન જોડાઓ એવો પણ પ્રશ્ન રહેતો જ નથી. **પ્રભુકૃપાથી મારે કંઈ કોઈને મૂંડવાના નથી.**

હું તો એટલું જ ઇચ્છું છું કે મનુષ્યજીવન એ અતિ દુર્લભ છે. માટે, આપણે એ જીવનનો જેટલો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ થાય તેટલો ઉત્તમ.

**મારાં સ્વજનોનું અજ્ઞાન મારાથી સહ્યું જતું નથી. કઈ રીતે મળેલાં સ્વજનોને ખાતરી કરાવી અપાય કે આ જીવના જીવનમાં પ્રભુની કૃપા છે.** તેવી ખાતરી કરાવી આપીએ અને ધારો કે એવા અનુભવ થયા હોય છતાં પણ જીવને જીવનની સાચી લગની લાગતી નથી એવું અનુભવ્યું છે. એટલે માત્ર સંતોને જાણવાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું કશું દળદર ફીટી શકતું નથી. જ્યાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું ઉન્નયન ન થતું ન અનુભવી શકીએ ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ.

ગુરુ કે સંતની કૃપા ત્યારે જ મળે છે કે જ્યારે આપણામાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવતાં થયેલાં રહે છે. ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે. પ્રભુકૃપાથી મારામાં શી લાયકાત છે તે જણાવ્યેથી કે એની ખાતરી થવાથી કશું વળી શકવાનું નથી.

સંત અને પવિત્ર સાધુપુરુષોનો સમાગમ આપણને જરૂર મદદકર્તા છે, પરંતુ તેવા તેવા કાળે એમના પરત્વે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહં અને હૃદય કેવી જાતની જીવતી ભાવનાવાળાં રહેલાં છે તેના પર તેમની સોબતના લાભનું પરિણામ રહે છે.

પ્રત્યેક સંતાત્માની જીવનસરણી નોખી નોખી રહ્યા કરે છે. પ્રત્યેકની એકબીજા સાથે સરખામણી કરવી એ જરાકે યોગ્ય નથી. જીવનના આધ્યાત્મિક માર્ગને અનુસરવું એ અતિ દોહ્યલું છે. માણસો ધારે છે તેટલું તે સહેલું નથી હોતું.

'જીવન પ્રેરણા', પ્ર.આ. પૃ.૫૨ ❑

## (૫) બાપુનાં અસ્થિ : મારું નિમિત્ત

**શ્રી નંદુભાઈ**

**તા. ૬-૨-૧૯૪૮**
**આશ્રમ, સાબરમતી.**

**પૂજ્ય પ્રિય,**

આજે પાંચ વાગ્યે હું કાંતતો હતો ત્યારે પરીક્ષિતભાઈ કહેવા આવ્યા કે 'હું બાપુનાં અસ્થિ અને રાખ લેવા મુંબઈ જાઉં છું. કૉંગ્રેસ સમિતિમાં ફોન મુંબઈથી હતો કે કોઈકને મોકલી ને મંગાવી લ્યો. આજે પ્લેનમાં આવનાર હતા. તેવો પ્યારેલાલજીનો ફોન હોવાથી શહેરના સંભાવિત ગૃહસ્થો કમિશનર, કલેકટર, નરહરિભાઈ, પરીક્ષિતભાઈ, રોહિત મિલ્સવાળા વગેરે સૌ ઍરોડ્રામ ગયેલા. પણ અસ્થિ ના આવ્યાં ને બીજા પ્લેનમાં ડાયરેકટ મુંબઈ તે ગયા. છાપાંમાં પણ આજે છપાઈ ગયેલું. તેથી લોકો આશ્રમે પણ સાંજના આવેલા. અમદાવાદ કૉંગ્રેસ સમિતિને સરકારનો ફોન હતો કે રાખ ઑફિશિયલી જે આવવાની હતી તે આવી ગઈ છે, તે લઈ જાઓ. ને અસ્થિ અનઑફિશિયલી ખાસ સાબરમતી એકલા માટે આવનાર હતાં તે અંગે સમિતિએ આજે દિલ્હી ફોન કર્યો કે કેમ અસ્થિ આજે ના આવ્યા ? ત્યારે જવાબ મળ્યો કે જયસુખલાલ ગાંધી સાથે મુંબઈ તે પહોંચ્યા છે તે મંગાવી લ્યો. સમિતિએ પરીક્ષિતભાઈનું નામ અસ્થિ અને રાખ લેવા મોકલવાનું નક્કી કરીને નરહરિભાઈને સંદેશો મોકલાવ્યો કે 'પરીક્ષિતભાઈ માટે સેકંડ ક્લાસની ટિકિટ રિઝવર્ડ કરાવી છે. આજે તે રાખ ઑફિશિયલી સરકાર પાસેથી અને અસ્થિ જયસુખલાલ પાસેથી લઈ જવા જાય ને લઈને વળતા સેકંડ ક્લાસમાં પાછા ફરે ને ખર્ચ સમિતિ આપશે. આ સમાચાર પરીક્ષિતભાઈએ મને કહ્યા. મેં દુઃખ સાથે તેમને કહ્યું કે 'પૂ. બાપુનાં અસ્થિ સેકંડ ક્લાસમાં ? અને તેય Crowded second class માં ? Sanctity of sacrad bones is this ? સરકાર પણ સમજતી નથી. સમિતિ પણ સમજતી નથી. કાં તો રિઝવર્ડ ફર્સ્ટ ક્લાસમાં લઈ આવો કે કાં તો પ્લેનમાં લઈ આવો. પરીક્ષિતભાઈ કહે, 'પણ પૈસા સમિતિ આપનાર હોવાથી તેઓ જેમ ગોઠવણ કરે તેમ જ થાયને ?'

**મેં તરત જ કહ્યું કે 'પૈસાનો પ્રશ્ન હોય તો મારા ખર્ચે તેમ કરો.'** પરીક્ષિતભાઈ કહે, 'અમને તો સેકંડ ક્લાસ આવવા જવા માટે સમિતિએ ઑફર કરેલ. તેથીયે આનંદ હતો-સંતોષ હતો, પણ તમો સૂચવો છો તે જરૂર better (વધારે સારું) તો છે જ.' પછી અમો બન્ને નરહરિભાઈ પાસે ગયા. ને તેમણે વનુબહેન વગેરેએ પ્લેન પસંદ કર્યું ટ્રેનમાં એક તો રિઝવર્ડ ફર્સ્ટ ક્લાસ એટલે બે ટિકિટના ૧૪૦ રૂ. અંદાજે થાય ને પ્લેનમાં ૭૦ રૂ. અંદાજ થાય. તેથી એક તો એ અને બીજું કે ટ્રેનમાં લાવશો તો ટ્રેનમાં ચોરીઓ થાય છે. મારફાડ થાય છે. જાગવું પડશે તે જોખમ. તેથી પ્લેન જ સારું એટલે સર્વાનુમતે પ્લેનનું નક્કી થયું છે. જો પરીક્ષિતભાઈ સીધા મોરારજીભાઈને ત્યાં ઊતરશે ને પ્લેન પેસેજ રિઝવર્ડ કરાવી લેશે ને અત્રે અમદાવાદ ફોન કરે. આવવાની ડેટ અને સમયે નરહરિભાઈ ત્યાં ઍરોડ્રામે લેવા જશે અને મોરારજીભાઈ વગેરે ટ્રેનની સલાહ આપે તોપણ પ્લેનમાં જ આવવું એમ નરહરિભાઈએ જણાવ્યું. પરીક્ષિતભાઈ બિચારા મૂંઝાણા હતા, પણ નરહરિભાઈએ કહ્યું કે 'આપણે પૈસા-પેસેજના

આપી જ દેવાને કહેવું કે એર ટિકિટ મેળવી આપો. પછી કશી ભાંજગડ નહિ. કદીક ટ્રેનની વાત નીકળે તો કહેવું કે એક મિત્રે તેનો ખર્ચ આપેલ છે.

આમ નક્કી થયું ને મેં રૂ. ૮૦ પરીક્ષિતભાઈને આપેલ છે- પેસેજ પેટે. તેઓ તો કહેતા હતા કે સરકારની જ ફરજ છે, પ્લેનમાં મોકલવાની. હું સરકારમાંથી 'ફેર' પ્લેનનું મેળવવા કોશિશ તો કરીશ.

આમ, પ્રભુએ મને તાત્કાલિક સુઝાડ્યું અને અડધા કલાકમાં આમ પ્રભુકૃપાથી ગોઠવાઈ શકાયું તેથી મને આનંદ થયો.

અસ્થિ શેમાં લાવશો એમ મેં પૂછ્યું. પરીક્ષિતભાઈ કહે, 'રાખ માટે તો સુખડની પેટી છે-સરકારે કરાવી છેને.' અસ્થિ તાંબાના લોટામાં આવશે. લોટો સાથે લીધો છે. આથી, મેં ચાંદીનો ઢાંકણાવાળો લોટો તથા સુખડ અને હાથીદાંતની તમે સિદ્ધાર્થને આપેલ પેટી-એ બે આપ્યા ને નરહરિભાઈએ ચાંદીનો લોટો પસંદ કર્યો છે. ને આપણે ત્યાં જમીને પરીક્ષિતભાઈ નીકળ્યા. તે આખરે જતી વખતે નીકળતાં પહેલાં તૈયાર થઈને પરીક્ષિતભાઈ ખાસ મળવા આવ્યા આટલું લખ્યું ત્યાં તેઓ આવ્યા. બે હાથ જોડીને મને નમન કર્યું, કાંતુને નમન કર્યું ને ગળગળા થઈ ગયા. પ્રથમ વાર જ મેં તેમને આમ અત્યંત આર્દ્રહૈયાવાળા ને નમન કરતા ભાળ્યા.

અસ્થિ પ્લેનમાં લાવવાનું નક્કી થતાં પરીક્ષિતભાઈને તે ગમ્યું. નરહરિભાઈને તો ગમ્યું જ ને મને તો ખૂબ જ ગમ્યું. સાથે સાથે એમ પણ થયું કે **કમભાગ્ય છે હિંદનો કે આપણી ભાવનાઓ પણ અદૃશ્ય થતી જાય છે. ન તો સૂઝ્યું સરકારના પ્રધાનોને કે ન તો સૂઝ્યું કૉંગ્રેસ સમિતિને. પ્રભુએ જ મને નિમિત્ત બનાવ્યો છે.** જે અસ્થિને માટે લોક પડાપડી કરે, જેને માટે આજે સંભાવિત ગૃહસ્થો ઍરોડ્રામે ગયેલા. તે અસ્થિ હિંદના શ્રેષ્ઠવર દેહનાં અસ્થિ સાધારણ માણસની જેમ સેકંડ ક્લાસમાં એક ટિકિટમાં લાવવાનું નક્કી થયું હતું. એક સાધારણ સેનાપતિનાં અસ્થિને ને અસ્થિ એટલે દેહ જને ? દેહનું સૂક્ષ્મ સ્વરૂપ પણ લોકો આમ આવી રીતે ટ્રેનમાં ના લાવે, જે પ્રભુએ સુઝાડ્યું તે માટે તેનો મહદ ઉપકાર- તમારો મહદ ઉપકાર. 'પરીક્ષિતભાઈ જેવા પવિત્ર આત્માની પસંદગી કરી કૉંગ્રેસ સમિતિએ', એવું નરહરિભાઈ બોલેલા. આવાં અસ્થિ પૂ. બાપુનાં અસ્થિ તેમના જ આશ્રમમાં લાવવાને સરકાર સ્પેશિયલ પ્લેન મોકલે તે જ યોગ્ય ખરી રીતે ગણાય. પ્રધાનો તેમના કામે સ્પેશિયલ પ્લેનમાં જાય ને બાપુનાં અસ્થિ Crowded second class ? હતભાગ્ય હિંદીજનોની ભાવનાને શું થવા બેઠું છે !

❑

**તા. ૭-૨-૧૯૪૮**

**હરિઃૐ આશ્રમ, સાબરમતી,**

**પૂજ્ય પ્રિય,**

આજે સવારે પૂ. નરહરિભાઈ પોતે આપણા ઘરે આવ્યા અને મને કહે, 'રાત્રે બે વાગ્યે તાર શાંતિકુમારનો છે કે અસ્થિ આજે સવારે પ્લેનમાં આવે છે, ને બીજો તાર સરલાદેવી સારાભાઈને પણ કર્યો છે. બે ઘડી ખાતરી માટે ત્યાંથી પણ સંદેશો છે. તો તમો નવ વાગ્યે તૈયાર થઈ જજો. ગાડી બોલાવી છે. આપણે જઈશું ઍરોડ્રામ.

કાંતુને પણ સાથે આવવા કહેલું. તેથી, અમો બન્ને તથા સિદ્ધાર્થ (સુરેન્દ્રને શાળા હતી) ત્રણ ઍરોડ્રોમ ગયેલાં. રોહિત મિલ્સના ચીનુભાઈની બે કાર આવેલી. ત્યાં ૭૦ માણસો

શહેરમાંથી આવેલાં. કૉંગ્રેસવાળા તથા શેઠિયાઓ આશ્રમે અસ્થિ લાવ્યા છે. રોહિત મિલ્સવાળા ચીનુભાઈએ તથા વાડીલાલભાઈએ ૧૭ વર્ષ બાદ ઓળખાણ-તે સમયની તાજી કરી. તેઓએ જ વાત કાઢી ને ગાયકવાડ હવેલીમાંથી હું કેવી રીતે નાઠેલો તે વાત. નરહરિભાઈને ને બધાંને ચીનુભાઈએ કહી બતાવી. ને આવતાં ને જતાં તેમની સાથે જ હું તેમની કારમાં આવેલો તે સહેજ. તેઓ મને જરા વિસ્મરી ગયેલાં, ને પૂછ્યું કે 'ત્રિચિવાળા ઝવેરી જ ને તમે ?' પછી ઓળખાણ કાઢીને વાતો થઈ બધી નરહરિભાઈના ઘરમાં.

અસ્થિ-(હાડકાં) રાખ પરીક્ષિતભાઈ હવે લાવશે. સરકારી રાખ તે અંગેનો પણ કાર્યક્રમ કૉંગ્રેસ કરવાની છે. અસ્થિ હાલ આપણા નવા કરાવેલા સિંહાસન જેવા બાજઠ પર મૂક્યાં છે-ને ફૂલો બધાં પણ આસપાસ વેર્યાં છે ને તે બધું આપણી પાટ ઉપર મૂક્યું છે. પાટ ઉપર બાજઠ ને તે ઉપર અસ્થિ. બાજુમાં ચાંદીની આપણી ફ્રેઈમ-હરિઃૐની. ફ્રેઈમમાં બાપુનો ફોટો ને તેની પાસે અખંડ ઘીનો દીવો આપણા કોડિયામાં-આ બધું નરહરિભાઈના કહ્યાથી ને સૂચવ્યાથી કર્યું છે. બાજઠ ધન્ય થયો એમ જરૂર લાગ્યું.

અસ્થિ તા. ૧૨ સુધી આશ્રમમાં સમાજ જનતા માટે બહાર રહેશે ને તે તા. ૧૨મીએ જે તે ઘટતું થશે.

તમારું લખવું અક્ષરશઃ સત્ય છે-બાપુ જીવ્યા આત્મસાક્ષાત્કાર માટે ને મર્યા રામનામ હોઠે અને હૈયે રાખીને. તે યા તેમના જીવનના એકાદ પાસાને માનવી અનુયાયી ભક્ત વળગીને તેને જીવનમાં ઉતારે તો સારું.

કાંતુ અને હું આજે સવારે જમ્યાં નથી. અસ્થિ આવવાના કારણે સાંજે જમીશું.

❑

## પૂ. શ્રીમોટાનો આંસુ નીગળતો પત્ર

**તા. ૧૨-૨-૧૯૪૮**
**કુંભકોણમ્**

**પ્રિય ભાઈ,**

તમારા તા. ૬ ને ૭ના પત્રો મળ્યા. તમારા તે પત્રો વાંચી આંખમાંથી આંસુની ધારા વહી ચાલી. તેમાં હૃદયમાં ઘણો જ ભાવ ઊભરાયો. તમને આંસુ નીગળતાં કેટલી કેટલી વાર કાગળ લખેલા છે કે જેનાં ચિહ્ન કાગળ પર હોય.

તમે પૂજ્ય બાપુજીનાં અસ્થિ ને ભષ્મ કાજે ખપમાં આવ્યા તેથી ઘણો જ આનંદ થયો છે. એ મહાત્માના શરીર જતાં પહેલાં તમોને એની સાથે રહેવાનું સદ્‌ભાગ્ય પ્રભુએ કરાવ્યું. તેમાં એનાં કૃપાહેતુ હતાં જ. એ કૃપાહેતુનું તમને ભાન જાગો એ જ પ્રાર્થના.

**-મોટા**

## ગાંધીજીનાં અસ્થિભષ્મ પૂજામાં

**તા. ૧૬-૨-૧૯૪૮**

**પ્રિય ભાઈ તથા પ્રિય કાંતુ,**

અહીં કુંભકોણમ્‌માં તા. ૧૯-૨-૧૯૪૮ને ગુરુવારે સવારે સાત વાગ્યે પૂ. બાપુજીનાં અસ્થિ અને ભષ્મ આવવાનાં છે. ને ખૂબ લાંબું મોટું સરઘસ નીકળવાનું છે. જોકે તેમાં હું પોતે તો જઈ શકવાનો નથી.

કુંભકોણમ્ મોટું તીર્થ છે એમ જાણીને કુંભકોણમ્‌ને ભાગે તે પવિત્ર અસ્થિ ભષ્મ મળી શક્યાં હશે. આશ્રમમાં તેમાંની ભસ્મ હોય તો તે જરાક જેટલી ચાંદીની ડબ્બીમાં તમારે રાખવી એમ મારી તમને વિનંતી છે, પણ સંમતિ પૂ. નરહરિભાઈને મેળવીને લેવાય તેમ હોય તો જ. **તમારી પૂજામાં તે રાખવી. મૌનમાં પણ તેને પૂજામાં રાખવી.**

**-મોટા**

❑

# (૬) હિમાલયમાં દિવ્યાનંદ : (૩)

શ્રીદાસાનુદાસ

*(ગતાંકથી આગળ)*

તા.૧૦-૧૨-૧૯૬૭

...સવારે સાત વાગ્યે જાગ્યો. હજુ પણ આખું શરીર ભારે ભારે છે. માથામાં બહુ દુઃખે છે. આંખોમાં અગન બળે છે. રાત્રે લગભગ બે કલાક સુધી આખું શરીર અને હૃદય બહુ જ કમજોર થઈ ગયાં. શું થયું એ ખબર નથી, પણ એ વખતે અસહ્ય કમજોરીમાં સભાનપણે જીવન અને મૃત્યુ વચ્ચેની સ્થિતિનો અનુભવ થયો. તે વેળા જે લખ્યું છે તે સાચવી રાખ્યું છે.

સાચી આત્મીયતા બહુ જૂજ જીવોમાં પ્રગટે છે. **એ નક્કી થયું કે ઈશ્વરના સ્મરણ ચિંતવનમાં જ ચોવીસ કલાક ગાળવા.** વધુ પડતા સહવાસો જે પ્રારબ્ધને વશ થયા હોય તે બધા ભૂલી જવા જોઈએ. બધાંમાં ઈશ્વર જ છે એવી દૃઢ માન્યતા સાથે તે બધાંથી જેમ બને તેમ ઉપરામ વૃત્તિથી બધાંની સાથે વર્તવું. ૐ આનંદ આનંદ આનંદ ૐ.

...વધુ પડતી નમ્રતાથી પ્રેમને બદલે તિરસ્કાર પ્રાપ્ત થાય છે એ ખરું, પણ આત્માનો દિવ્ય આનંદ પૂર્ણ નમ્રતાથી જ પ્રાપ્ત થાય છે અને પૂર્ણ નમ્રતાથી જ તે ટકી રહે છે. માટે, તિરસ્કાર સહન કરવાનું પ્રભુ પાસે બળ માગવું, પણ નમ્રતા કદી છોડવી નહિ. આ શબ્દો મારી સાધના પછીના અને સંસારમાં પરિભ્રમણ કરીને ચૌદ વર્ષના ગાળાનો નિચોડ છે.

**બધાં તરફ એકસરખો પ્રેમ રાખનાર જ ઈશ્વરી પ્રેમ પામી શકે છે.** લેણદેણને વશ બહારથી ભલે જુદી જુદી રીતે વર્તવું પડે પણ અંતરમાં તો બધાં જ ઈશ્વરનાં સ્વરૂપો છે એમ દૃઢપણે માનીને એકસરખો પ્રેમ રાખવો. કદાચ હૃદયની કમજોરીને લઈને તિરસ્કાર સહન ન થાય તો દૂર ખસી જવું, મૌન રહેવું, પણ અંતરમાં પ્રગટેલા પ્રેમભાવને રતિભર પણ ઓછો ન થવા દેવો. શાસ્ત્રમાં પણ લખ્યું છે કે જે સ્થળે રહેવાથી જીવનની શાંતિ વેડફાતી હોય તો તે સ્થાન બાપુકી જાગીર હોય તોપણ ત્યાંથી તત્કાળ ખસી જવું અને કુદરતને ખોળે જતાં રહેવું.

તા.૧૩-૧૨-૧૯૬૭

જેને ઈશ્વરી આનંદની પ્રાપ્તિ માટે ઇચ્છા છે, તેણે ખૂબ ખૂબ સહનશક્તિ રાખવી જોઈએ. કોઈ ગમે તેટલી આપણી નિંદા કરે, છતાં પણ તેના તરફ અભાવ ન લાવવો. તેણે કરેલી નિંદા આપણે સહન કરવી, પણ આપણે કદાપિ તેની નિંદા ન કરવી, કેમ કે બધાં ઈશ્વરનાં જ સ્વરૂપો છે. એ વાતને હૃદયમાં દૃઢ કરવાની છે, જેને માન જોઈતું હોય તેને જરૂર માન આપવું પણ આપણે માનપ્રાપ્તિની ઇચ્છા જરાયે ન રાખવી, કેમ કે માનની આશા રાખનારને જરૂર અપમાન પ્રાપ્ત થાય છે. માન અપમાનની લાગણીથી પર નિર્માની થનાર સાધક જ ઈશ્વરી આનંદ મેળવી શકે છે.

**દરેક ક્ષણે મૃત્યુને નજરની સામે રાખીને જ જીવવું.** એમ કરવાથી જીવનમાં સંગ્રહ કરવાની ઇચ્છા થતી નથી અને ભવિષ્યના નિર્વાહ માટે ચિંતા પણ થતી નથી. ઉપરાંત, કોઈ પણ પ્રસંગ માટે રૂપરેખા દોરવાનું મન થતું નથી. કાર્યનું ફળ પણ અગાઉથી નક્કી થતું નથી. સહેજે સહેજે કાર્યમાં તેમ જ તેના પરિણામમાં અનંતની જ સત્તા સમજીને જીવનનો દિવ્ય

આનંદ ભોગવી શકાય છે. છેવટે 'કામમાં રામ' દેખાય છે.

**પરસ્પર દેવો ભવ.** જીવમાત્ર એકબીજાને માટે દેવ સમાન છે. એવો ભાવ જાગતાં જ કોઈનીય પણ યાદી આવતાં જ એ ખેંચાઈ આવે. છતાં સમાજમાં જીવવું છે ત્યાં સુધી સમાજનાં બંધન અને પરાધીનતા ચીનની ભીંત સમાન બળવાન છે. તે જેવા તેવા આત્મબળને પાછું પાડે છે. હા, પૂર્ણ આત્મબળ પ્રગટ્યા પછી તો કોઈનું કશું જ બળ ચાલતું નથી.

❑

તા. ૧૪-૧૨-૧૯૭૩

...જેવો અનુભવ આબુમાં સ્વામી રામતીર્થને થયો હતો. તેવો જ અનુભવ નારાયણ સ્વામીનો 'શાહીફકીર'ના રૂપમાં દર્શન થયાં. નારાયણ આશ્રમ તો તેમનું સ્થાન છે એટલે તે સ્થાનમાં એમનું સૂક્ષ્મ અસ્તિત્વ હોય જ, પણ અલ્મોડામાં અને તે પણ હોટલમાં દર્શન થયાં. તેથી વિશેષ આનંદ થયો. એક વાત યાદ આવી. જ્યારે શ્રીનરસિંહ મહેતાને હરિજન લોકોએ પૂછ્યું કે અમારે ત્યાં ભજન કરવા પધારશો ? ત્યારે તરત જ મહેતાજીએ 'હા' પાડી. એટલે એક હરિજને કહ્યું કે બાપજી અમે તો હરિજન છીએ તો અમારા ઢેડવાડામાં ભજન કરવા આવવાનું છે તો આવશોને ? મહેતાજીએ જવાબમાં કહ્યું, **'મારા બાપ, જ્યાં ભગવાનનું ભજન થાય ત્યાં ઢેડવાડો રહે ખરો ?** એ રીતે જોતાં આપણા હૃદયમાં ખૂબ શ્રદ્ધા હોય અને પ્રેમપૂર્વક સંતનું સતત ચિંતવન હોય તો પછી હોટલ હોય કે રાજમહેલ હોય એમાં કશો ફરક પડતો નથી.'

❑

તા.૧૫-૧૨-૧૯૬૭

હિમાલય તો સંતોનું પિયર કહેવાય. પિયર છોડવું કોને ગમે ? બપોરે બાર વાગ્યે નીકળવાનું હતું, પણ સવારથી જ રડ્યા કર્યું છે.

❑

તા.૧૯-૧૨-૧૯૬૭

...આગ્રામાં 'ઉપકાર' ફિલ્મ જોઈ. આનંદ ૐ, 'હરિ કરે તે સબ હિત કારણ.' ઈશ્વર કદાપિ કોઈનું અહિત કરતો જ નથી. જે જે પ્રસંગો બને છે તે દ્વારા જગતમાંથી જંગલમાં જવાનો આદેશ જ મળતો હોય છે અને તેથી કોઈ વ્યક્તિ કે કોઈ પ્રસંગ ઉપર જરાય તિરસ્કાર ઊઠતો નથી.

❑

તા.૨-૧-૧૯૬૮

જીવનમાં જ્યાં સુધી 'અહિંસા' વણાઈ જાય નહિ, ત્યાં સુધી દિવ્ય આનંદ અને દિવ્ય શાંતિ કદાપિ પ્રાપ્ત થતાં જ નથી. અહિંસા પાળવી એક વાત છે અને અહિંસા પળાઈ જવી એ બીજી વાત છે. શ્રેષ્ઠ વાત છે. આપણામાં રહેલા અહમ્‌ની આપણાં પ્રગટેલા જ્ઞાને કરીને હિંસા ન થાય ત્યાં સુધી અહિંસા જીવનમાં વણાતી જ નથી. માટે જ્ઞાને કરીને અહમ્‌નો નાશ થવો એ જ પરમ પિતા પરમાત્માની પરમ કૃપા છે.

❑

તા.૩-૧-૧૯૬૮

...કોણ જાણે કેમ અંતરની શાંતિ, આનંદ અને સંતોષ કાયમ રહીને બહારનું જીવન જાણે એક મોટો પલટો લેતું હોય એવું લાગે છે. જગતના જીવો પાસેથી મેળવવાનાં પ્રેમભાવ તથા આત્મભાવની ઝંખના ક્યાંય ચાલી ગઈ. જડ પદાર્થોમાંથી અને આકાશમાંથી નીતરતા

અવિરત પ્રેમના જ ભોક્તા બનવું. કોઈપણ પ્રાણી, પદાર્થ ઉપર કે પ્રસંગ ઉપર ક્યારેય અભાવ આવવા દેવો નહિ. વ્યક્તિગત મમત્વ ક્યારેય પણ જાગૃત થવા દેવું નહિ. ૐ ૐ ૐ આનંદ આનંદ આનંદ.

❑

તા.૨૪-૫-૧૯૬૮
રાત્રે ૧૨ વાગ્યે

જ્ઞાનનું ભાન થાય ત્યારે અજ્ઞાનનો ઉદય થાય અને જ્ઞાન-અજ્ઞાન બન્નેનું વિસ્મરણ થાય ત્યારે ઈશ્વરનો ઉદય થાય છે. 'હું' ખોવાઈ જાય ત્યારે 'તે' પ્રગટ થાય અને અત્યારે જેને જેને 'તું' શબ્દ વાપરીએ છીએ, તે બધા જીવો દ્રષ્ટા બને. પોતે જગતમાં ઈશ્વર જુએ અને જગત પોતામાં ઈશ્વર જુએ.

**અનંત બ્રહ્માંડમાં કેટલાંય સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીઓ આવેલી છે.** તે પૈકીની એક પૃથ્વી છે કે જેમાં આપણે રહીએ છીએ. પૃથ્વીની આજુબાજુ જળ છે, તેની આજુબાજુ તેજ છે, તેની આજુબાજુ વાયુ છે અને વાયુની આજુબાજુ આકાશ છે. આવું દરેક પૃથ્વીની આજુબાજુ હોય છે, અને એ રીતે અનેક પૃથ્વી, અનેક ચંદ્ર, અનેક સૂર્યની આજુબાજુ કેવળ વિશાળ આકાશ આવેલું છે.

આ રીતે પૃથ્વીની આજુબાજુ જળ-તેજ-વાયુ અને આકાશ છે. છતાં પણ તે બધું પાછું પૃથ્વીની અંદર પણ છે. એટલે કે જે પૃથ્વીમાં આપણે રહીએ છીએ તે પૃથ્વી અને બીજા ચાર-આ પાંચેય તત્ત્વો એકમેકમાં વધતા ઓછા પ્રમાણમાં ભળવાથી આપણી પૃથ્વીના વિધવિધ નામોવાળા વિધવિધ જાતના પદાર્થો અને વિધવિધ જાતનાં પ્રાણી બન્યાં. (ક્રમશઃ)

'હિમાલયમાં દિવ્યાનંદ', પ્ર.આ. પૃ.૩૬ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | વિનોદરાય મૂળશંકર દવે (૮૪મા જન્મદિન તા. ૧-૩ નિમિત્તે) જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | રમણભાઈ કેશવલાલ પટેલ | અમદાવાદ | ૫,૧૦૦/- |
| ૩. | રાજેશકુમાર શાંતિલાલ ગજ્જર | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૪. | એક સ્વજન : સ્વર્ગવાસી ધર્મપત્નીના કલ્યાણ અર્થે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૫. | જગદીશભાઈ સી. મારફતીયા | મુંબઈ | ૫,૦૦૦/- |
| ૬. | પ્રદ્યુમ્ન જોષી | સુરત | ૨,૫૦૦/- |
| ૭. | શશિકાંત છોટાલાલ શાહ | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૮. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | કલ્પનાબહેન પંડ્યા | સુરત | ૧,૦૦૦/- |
| ૧૦. | કૌમુદીબહેન પંડ્યા | સુરત | ૧,૦૦૦/- |
| ૧૧. | પદ્માબહેન બાલકૃષ્ણ દવે : સદ્‌ગત બાલકૃષ્ણના સ્મરણાર્થે (પુણ્યતિથિ ૭-૩) | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | જગદીશભાઈ એન. શાહ : લગ્નજીવનને ૪૫ વર્ષ થયા નિમિત્તે | વડોદરા | ૫૦૧/- |
| ૧૩. | કોકિલાબહેન કિશોરભાઈ બારાઈ સદ્‌ગત કિશોરભાઈના સ્મરણાર્થે (પુણ્યતિથિ ૧૫-૬) | ચેન્નાઈ | ૫૦૦/- |
| ૧૪. | મનહરભાઈ પ્રભુભાઈ પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૧૫. | કુંદનબહેન પ્રજાપતિ | વડોદરા | ૧૫૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## (૭) આત્માને પુત્ર પણ ન હોય અને પિતા પણ ન હોય

શ્રીમદ્ રાજચંદ્ર

જે જીવ પોતાને મુમુક્ષુ માનતો હોય તેણે દેહને વિશે રોગ થતી વખત આકુળવ્યાકુળપણું થયું હોય તો તે વખત વિચારવું કે તારું મુમુક્ષુપણું અને ડહાપણ ક્યાં ગયાં ?

જે તરવાનો કામી હોય તે દેહને તો અસાર જાણે છે. દેહને આત્માથી જુદો જાણે છે. તેથી આકુળતા આવવી જોઈએ નહિ. દેહ સાચવ્યો સચવાતો નથી, કેમ કે તે ક્ષણમાં ભાંગી જાય છે. ક્ષણમાં રોગ, ક્ષણમાં વેદના થાય. દેહના સંગે દેહ દુઃખ આપે છે. માટે **આકુળવ્યાકુળપણું થાય છે, તે જ અજ્ઞાન છે.**

શાસ્ત્ર શ્રવણ કરી રોજ સાંભળ્યું છે કે દેહ આત્માથી જુદો છે, ક્ષણભંગુર છે, પણ દેહને વેદના આવે તો રાગદ્વેષ પરિણામ કરી બૂમ પાડે છે, તો શાસ્ત્રો સાંભળવાથી શો ફાયદો ? દેહ તો તમારી પાસે જ છે, તો અનુભવ કરો. દેહ પ્રગટ માટી જેવો છે. રાખ્યો રખાય નહિ, વેદના વેદતાં ઉપાય ચાલે નહિ. દેહ અનિત્ય છે, અસાર છે, તો તેની મમતા કરી કરવું શું ?

જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહિ ત્યાં સુધી સમ્યક્ત્વ થાય નહિ. જીવને સાચ ક્યારેય આવ્યું જ નથી. આવ્યું હોત તો મોક્ષ થાત. દેહાત્મબુદ્ધિ મટાડવા માટે સાધનો બતાવ્યાં છે. મારાપણું મટાડવા કે મુકાવવા સાધનો કરવાનાં છે. તે ન મટે તો સાધુપણું, શ્રાવકપણું કે શાસ્ત્રશ્રવણ કે ઉપદેશ તે વગડામાં પોક મૂક્યા જેવું છે. જેને એ ભ્રમ ભાંગી ગયો છે એ જ સાધુ, તે જ આચાર્ય, તે જ જ્ઞાની.

લોક કહે છે કે પોતે આત્મા છે તે કેમ જાણે ? આત્મા કંઈ ગામ ગયો નથી. જેમ કોઈ પદાર્થ ખાવામાં આવે તો તે તેનું ફળ આપે છે. તેમ જ સમક્તિ આવ્યે, ભ્રાંતિ મટ્યે, તેનું ફળ પોતે જાણે જ. જ્ઞાનનું ફળ જ્ઞાન આપે જ. પદાર્થનું ફળ પદાર્થ, લક્ષણ પ્રમાણે આપે જ. આત્મામાંથી, માંહીથી કર્મ જઉં જઉં થાય તો તેની ખબર કેમ ન પડે ? અર્થાત્ ખબર પડે જ સમક્તિ થયું હોય તો દેહાત્મબુદ્ધિ મટે, જોકે અલ્પબોધ, મધ્યમબોધ, વિશેષ બોધ જેવો હોય તે પ્રમાણે પછી દેહાત્મબુદ્ધિ માટે. દેહને વિશે રોગ આવ્યે જેનામાં આકુળતા વ્યાકુળતા માલૂમ પડે તે મિથ્યાદૃષ્ટિ જાણવા.

જેને રાગદ્વેષ મટી ગયા છે તેને વીસ વર્ષનો છોકરો મરી જાય તોપણ ખેદ થાય નહિ. શરીરને વ્યાધિ થવાથી જેને વ્યાકુળપણું થાય છે તેનું જ્ઞાન કલ્પનામાત્ર ને પોલું અધ્યાત્મજ્ઞાન માનવું.

**આત્માને પુત્ર પણ ન હોય અને પિતા પણ ન હોય.** જેઓ આવી (પિતા-પુત્રની) કલ્પનાને સાચી માની બેઠા છે તે મિથ્યાત્વી છે. ખોટા સંગથી સાચું સમજાતું નથી. સત્પુરુષના સંગથી યોગ્ય જીવ હોય તો સમ્યક્ત્વ થાય.

સમક્તિ અને મિથ્યાત્વની તરત ખબર પડે એવું હોય છે. સમક્તિની અને મિથ્યાત્વની વાણી ઘડીએ ઘડીએ જુદી પડે છે. જ્ઞાનીની વાણી એક જ ધારી, પૂર્વાપર મળતી આવે. રોગ જાણે, રોગની દવા જાણે, ચરી જાણે, પથ્ય જાણે અને તે પ્રમાણે ઉપાય કરે તો રોગ મટે. રોગ જાણ્યા વિના અજ્ઞાની જે ઉપાય કરે તેથી રોગ વધે. પથ્ય પાળે ને દવા કરે નહિ તો રોગ કેમ મટે ? શાસ્ત્ર તો જ્ઞાન કહેવાય નહિ. માંહીથી ગાંઠ મટે તો જ જ્ઞાન કહેવાય. તે માટે સત્પુરુષનાં વચન સાંભળવાં, તપ, સંયમાદિ બતાવ્યું છે.

નરસિંહ મહેતા કહે છે કે અનાદિકાળથી આમ ને આમ ચાલતાં કાળ ગયો પણ નિવેડો આવ્યો નહિ. માટે માર્ગ જુદો જ હોવો ઘટે.

'શ્રીમદ્ રાજચંદ્ર ભાગ-૩', પૃ.૭૩૨ ❑

ભાઈ હેમંતકુમારને પરમ પૂજ્ય શ્રીનાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે **'જીવન સોપાન'**નું હાથે લખેલું બધું લખાણ તેમને વાંચી સંભળાવીને તેમની (મહારાજશ્રીની) પ્રસ્તાવના લેવાને કાજે જવાનું બનેલું. તે ત્યાં પહોંચ્યા ને એક દિવસ તો સારી રીતે વાંચવાનું બન્યું, પરંતુ બીજે દિવસે ગામ બહાર શૌચ જવાનું થતાં તેમનાં વાંચવાનાં ચશ્માં ક્યાંક પડી ગયાં. પાંચ છ દિવસ સુધી રોજના આશરે છ કલાક ચશ્માં વિના વાંચવાનું બન્યું. તેવું વાંચવાનું એટલે કે દિવસના આટલા બધા કલાક અને તે પણ ૫-૬ દિવસ સુધી આવી રીતે વાંચવાનું બન્યું, તે એક આશ્ચર્યકારક ઘટના હતી. ચશ્માં પહેર્યા વિના તેમણે વાંચી જોવાનો પ્રયોગ કરી જોયો હતો, પણ બરાબર ફાવેલું નહિ. એકલા નામસ્મરણના ભાવથી કે પ્રાર્થનાથી સાયલામાં તેવી રીતે તે બધું લખાણ વાંચી શકવાનું બન્યું, તે હકીકત જો સાચી હોય, તો કોઈ બીજા સમયે પણ તેવા જ સાધનથી તેમ બની શકવું ઘટે, **પરંતુ સાચી હકીકત તો એ છે કે જેનું લખાણ (પૂજ્ય શ્રીમોટાનું-સં.) હતું, તેની કોઈ ચેતનાની શક્તિએ તેમને પ્રેરાવીને તે કામ કરાવેલું હતું.** આ હકીકતની તેઓ પોતે જ સાક્ષી પૂરે છે.

તે ઉપરાંત, તેઓ મારા પરના એક કાગળમાં લખે છે, 'હિમાલયમાં કેદાર-બદરી જવા સારુ રોજના ૧૦-૧૧ માઈલ ચઢી શકવાનું મારાથી બન્યું, તે મારા જેવાના શરીરની સ્થિતિથી બનવું કદી પણ શક્ય ન હતું ને હજી પણ નથી. વળી, ત્યાંની કડકડતી ને શરીર ઠરી જાય એવી ઠંડીમાં શરીર સારી રીતે ટકી શક્યું તે હકીકત, મારા જેવાને કાજે એક ચમત્કારિક ઘટના છે. હિમાલયની મુસાફરીમાં ચાલી શકવાનું બન્યું ને આખી યાત્રામાં પ્રત્યેક સ્થળે જે અણધારી, છક કરી નાખે એવી સગવડો મળ્યા કરી, **તે કોઈકની ચેતનાત્મક શક્તિને આભારી હતું, એના વિશે મારા મનમાં લવલેશ પણ સંદેહ નથી.** મારા જીવનમાં આવા એક બે અટૂલા કંઈ પ્રસંગો નથી, એવા કેટલાય પ્રસંગોનું વર્ણન લખી શકું એમ છું, પરંતુ ઘણી દિલગીરીની ને દુઃખની હકીકત તો એ છે કે એવા પ્રસંગોથી કરીને જીવનવિકાસના માર્ગમાં જે ઉડ્ડયનની ગતિ પ્રગટવી ઘટે, તેમાં હજી પૂરેપૂરા ચેતનાત્મકપણે પ્રાણ પ્રગટેલા અનુભવી શકતો નથી. બાકી, ઉપલા પ્રસંગોના જેવી ચમત્કારિક ઘટનાઓ મારા જીવનમાં બનેલી જાતોજાત અનુભવેલી છે.'

આવા બનાવો આંખ ઉઘાડનારા ને હૃદયને સ્પર્શે એવા હોવા છતાં જીવન ચેતનાત્મક પૂરેપૂરું બનતું નથી, એ પણ એક તાજુબીભરી હકીકત છે. **એનું મૂળ ને ખરું કારણ તો એ છે કે હજી આપણને એ માર્ગ પરત્વેની સાચી, ખરેખરી ને પૂરેપૂરી જિજ્ઞાસા પ્રગટેલી નથી.**

'જીવન પોકાર', બી.આ., પૃ.૪૪૬ ❑

હરિઃૐ

(અનુષ્ટુપ)

**એકલી શક્તિ તે ના છે, કૃપાનો છંટકાવ છે,**
**કરુણા સાથસાથે છે, સદ્‌ગુરુનો સ્વભાવ તે.**

'શ્રીસદ્‌ગુરુ' પ્ર.આ.પૃ.૧૩૧

## (૯) સ્વામી મુક્તાનંદ

અનુ. ધનસુખલાલ મહેતા

*(મુંબઈથી ૭૫ કિ.મિ.ના અંતરે આવેલ ગણેશપુરીના ભગવાન નિત્યાનંદ બાબાના પરમ શિષ્ય સંતશિરોમણિ સિદ્ધમાર્ગના પ્રવર્તક પરમહંસ સ્વામી શ્રીમુક્તાનંદજી મહારાજના જીવનની રૂપરેખાથી 'હરિભાવ'ના સભ્યો વાકેફ થાય એ ભાવનાથી આ લેખમાળાનો પ્રારંભ છે. પરમ સાધક કુમારી પ્રતિભાબહેન ત્રિવેદી (અમ્મા) દ્વારા સ્વામીજીની ૬૦મી જન્મજયંતી પ્રસંગે સને ૧૯૬૮માં લખાયેલ પુસ્તિકાનો ગુજરાતીમાં અનુવાદ શ્રી ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા દ્વારા થયેલ છે. શ્રી ઉમાશંકર જોશીએ તેનું આમુખ લખેલ છે અને ૧૯૭૨માં જરૂરી સુધારાવાળી જે બીજી આવૃત્તિનું પ્રકાશન થયું છે, તેનો આધાર આ લેખો માટે એ સૌ પ્રત્યે આભારની ભાવના સાથે લેવાયો છે. -સંપાદક)*

દક્ષિણ કર્ણાટક જિલ્લામાં 'ધર્મસ્થલ' નામનું વર્ષો જૂનું યાત્રાનું પ્રસિદ્ધ ધામ છે. હજારો ભક્તો ભગવાન મંજુનાથ મહાદેવની કૃપા પ્રાપ્ત કરવા જતા હતા, તેમાં એક શ્રદ્ધાળુ સ્ત્રી પણ પુત્રપ્રાપ્તિ અર્થે ભગવાનની કૃપા માટે પ્રાર્થના કરવા રોજ મંદિરે જતી હતી. એક વખત એને ઘેર એક સાધુ આવ્યા. તેઓએ 'ૐ નમઃ શિવાય' મંત્ર જપવાનો આદેશ આપ્યો અને અલ્પ સમયમાં જ ભગવાન તને પુત્ર આપશે એવા આશીર્વાદ પણ આપ્યા.

સને ૧૯૦૮ની વૈશાખી પૂર્ણિમાનો એ દિવસ હતો. પ્રાતઃકાળે અસાધારણ સંજોગોમાં આ ધર્મનિષ્ઠ સન્નારીએ પુત્રને જન્મ આપ્યો. ઘરના વિશાળ આંગણામાં નારિયેળના ઝાડ નીચે રોજની માફક એ મુખપ્રક્ષાલન કરતી હતી ત્યારે કોઈ પૂર્વ સંકેત વિના એ બાળકનો જન્મ થયો. વિશાળ ગગન-મંડળે એને વધાવ્યો. તે સમયે વૃક્ષોના ઝૂંડમાં થઈને આવતા બાળસૂર્યનાં કોમળ કિરણો આસપાસની હરિયાળી ભૂમિ ઉપર તડકાછાયાનો સાથીઓ પૂરી રહ્યા હતા અને મંદ મંદ વહેતી નેત્રાવતીનું મધુર સંગીત સંભળાતું હતું.

પરમાત્માના પ્રસાદ તરીકે પ્રાપ્ત થયેલ આ પુત્રનું નામ 'કૃષ્ણ' રાખવામાં આવ્યું. એને સોના-ચાંદીથી જોખ્યો અને ભગવાન મંજુનાથને તેની ભેટ ધરવામાં આવી. બાળકના પિતા મોટા જાગીરદાર હતા. હરિયાળાં ખેતરો અને નારિયેળીનાં ઝૂંડો વચ્ચે નૈસર્ગિક વાતાવરણમાં એમનું મોટું ઘર હતું.

સમય જતાં કૃષ્ણ મોટો થયો. દેખાવે સુંદર અને સુદૃઢ, સ્વભાવે ચંચળ અને મેધાવી આ બાળક શાળાના બીજા વિદ્યાર્થીઓ કરતાં અલગ જ પડતો હતો. આનંદી, કલ્પનાશીલ છતાં ચતુર અને તોફાની કૃષ્ણ નાનપણથી જ નેતૃત્વના ગુણ ધરાવતો હતો. એ કદી અન્યાય સહન ન કરે સાથોસાથ કોઈ સાથે ઝઘડામાં ખેંચાવું પડે તો તેજીલા સ્વભાવના કારણે ઉશ્કેરાતાં એને વાર ન લાગતી. કૃષ્ણને કોઈ નિકટનો મિત્ર ન હતો. ઘરમાં કે બહાર ક્યાંય એને આસક્તિ ન હતી. ખૂબ લાડમાં ઉછેર છતાં તે છકી ગયો ન હતો. શૈશવકાળમાં પણ એની સ્ફૂર્તિ અને ગરિમા વર્તાતી હતી.

કૃષ્ણને શાળાના અભ્યાસક્રમમાં જરાય રસ

પડતો ન હતો. દૂરદૂરના દેશોની વાતો એને ખૂબ ઉત્સુક અને અસ્વસ્થ બનાવી મૂકતી. **ઘણીવાર એ કહેતો, 'એક દિવસ હું આપણા દેશનાં દૂર દૂરનાં સ્થળોએ જઈશ અને ઘણું બધું શીખીશ.'** ખૂબ મહત્ત્વકાંક્ષી અને સાહસપ્રિય કૃષ્ણને વીર પુરુષ બનવાની બહુ ઇચ્છા હતી. સ્થગિત અવસ્થામાં રહેવું એને મન મૃત્યુ સમાન હતું.

પંદર વર્ષની વયે કૃષ્ણને ભગવાન નિત્યાનંદ બાબાનો પ્રત્યક્ષ મેળાપ થયો. એક મુસલમાન શ્રીમંત ભક્તે સ્વામી નિત્યાનંદજીના માનમાં ભંડારો કરેલો. મેંગ્લોરની પાસે કાદરીવનમાં એ કાર્યક્રમ હતો. અહીં સ્વામી નિત્યાનંદ સાથે ભેટો થયો. **નિત્યાનંદજી એને વહાલથી ભેટ્યા અને હળવેથી ગાલ પર પ્યારભરી ટપલી મારી.** પછી સ્વામીજી એટલી ઝડપથી ચીલી નીકળ્યા કે જાણે પૃથ્વીને એમના પગ અડકતા જ ન હોય. કૃષ્ણના કિશોરહૃદયે કાંઈક વિચિત્ર ચુંબકીય આકર્ષણ અનુભવ્યું. ખાસ કરીને એમની આંખોની એના મન પર લાંબા સમય સુધી અસર રહી. તેઓશ્રી કહેતા, **'એ સ્મૃતિ એટલી તાદૃશ છે કે હું એને કદી ભૂલી શકતો નથી. અમૂલ્ય નિધિની માફક એની સ્મૃતિ મારા હૃદયમાં હંમેશાં રહેશે.'**

આ પ્રસંગ બાદ કૃષ્ણ વધારે બેચેન અને અધીરો બન્યો. જાણે ઘર અને ગામ છોડીને ક્યાંક દૂર દૂર ચાલી જાઉં એવી ઉત્કટ ઇચ્છા થતી.

કૃષ્ણના પિતા સુશિક્ષિત અને ધાર્મિક વૃત્તિવાળા હતા. રોજ રાત્રે કુટુંબીજનોને ભેગાં કરી તેમને રામાયણ અને મહાભારતના કથાપ્રસંગો વાંચી સંભળાવતા, સાધુઓ અને યોગીઓના રહસ્યમય ચરિત્રોમાં કૃષ્ણને ખૂબ રસ પડતો. **એનેયે એવા સાધુ થવાનું મન થતું પણ સાધુ એટલે શું તેની સમજણ ત્યારે એને ન હતી.** એક સ્થળેથી બીજા સ્થળે ફર્યા કરવું એવી એની સમજ સાધુ માટે હતી.

સાધુ થવાની ઇચ્છા એટલી પ્રબળ થઈ ઊઠી કે સ્વામી નિત્યાનંદને મળ્યા પછી છએક મહિનામાં જ, એક સવારે ઘર અને ગામ છોડી એ ચાલી નીકળ્યો. શાળાએ જવાને બદલે મેંગ્લોર શહેરમાંથી ગાઢ જંગલથી છવાયેલ પર્વતમાળા તરફ તેણે પગલાં વાળ્યાં. માતાનું પ્રેમરૂપી બંધન અને રોકી શક્યું નહિ. એની પાસે એક રાતી પાઈ પણ ન હતી. છતાં એને એની ચિંતા ન હતી. ખુદ ભગવાન જ્યારે ખેંચતો હોય છે ત્યારે તેની દેખભાળની સમગ્ર જવાબદારી એ સ્વીકારે છે. ઘાટના રસ્તે જતાં એક લોરીવાળીએ એને પોતાની લોરીમાં બેસાડી દીધેલો અને ચા-નાસ્તો પણ આપેલો.

કૃષ્ણ મૈસુર ગયો. ત્યાંથી ધારવાડ જિલ્લામાં હૂબળી પહોંચ્યો. સિદ્ધારૂઢ સ્વામી નામના મહાન સિદ્ધ પુરુષના મઠમાં જવાનું કોઈકે સૂચવ્યું. ત્યાં એને તરત જ આવકાર મળ્યો. સંસ્કૃત ભાષા, વેદાંતના સિદ્ધાંતો અને યોગનો પ્રાથમિક અભ્યાસ કર્યો. અહીં જ એણે સંન્યાસ અંગીકાર કર્યો. તપસ્વી જીવનના અહીંથી શ્રીગણેશ મંડાયા. એ હવે સ્વામી મુક્તાનંદ બન્યો અને એ નામના સાચા અર્થ પ્રમાણે દિવ્ય આનંદના વિશાળ ગગનમાં ઉચ્ચ ઉડ્ડયનો કરવા તે મુક્ત પંખી બન્યો. (ક્રમશઃ)

'સ્વામી મુક્તાનંદ પરમહંસ જીવન અને કાર્ય', બી.આ., પૃ.૧૭❏

## (૧૦) એકમાત્ર ચેતન જ છે : શ્રીમોટા

કાર્તિકેય અ. ભટ્ટ

રાષ્ટ્ર માટે સમગ્ર જીવન સમર્પિત કરનાર સાબરમતીના સંત મહાત્મા ગાંધીજી તેમના જીવનકાળ દરમિયાન દેશ-વિદેશના અનેક તત્ત્વચિંતકો, વિચારકો, ધર્માચાર્યો, સંતો વગેરેને પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે મળ્યા હતા. જેમાં શ્રી શ્રીમા આનંદમયી, પરમહંસ યોગાનંદ, જ્ઞાનયોગી ચંદુભાઈ, શ્રીમદ્ રાજચંદ્ર, પૂજ્ય શ્રીમોટા તથા શ્રીરમણમહર્ષિ સાથેના સંપર્ક, સત્સંગનો સમાવેશ થાય છે. ડરબન-આફ્રિકાથી પત્ર દ્વારા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી લગભગ ૨૭ જેટલા પ્રશ્નોના ઉત્તર જાણવાની ઈચ્છા કરી હતી. 'આત્મા શું છે ?' એ પ્રશ્નના ઉત્તરરૂપે શ્રીમદે લખ્યું હતું, 'આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો નિત્ય પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગથી થઈ શકી ન હોય તે પદાર્થ નિત્ય હોય છે... આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે અને તે નિત્ય છે.' તે આત્માનું બીજું પાર્યાયિક નામ છે. અમે અને તમે કર્મબંધમાં વસી રહેલા જીવો છીએ. તે જીવનું સહજ સ્વરૂપ એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મતત્ત્વપણે જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે.'' 'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તે કોણ ?'ના જવાબમાં શ્રીમદે કહ્યું હતું, 'સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય તો તે બધા બંધ બેસી શકે તથા તેવાં બીજાં કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે પણ પુરાણોમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે, એમ માનવા વિશેમાં મારું વિશેષ વલણ નથી. કેમ કે કેટલાંક ઉપદેશાદિક રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે. તથાપિ આપણે તેનો ઉપદેશ તરીકે લાભ લેવો અને બ્રહ્માદિ સ્વરૂપના સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું એ મને ઠીક લાગે છે.' પૂજ્ય વિમલાબહેન ઠકારે કહ્યું છે કે **એકમાત્ર ચેતન જ છે, બીજું કાંઈ છે જ નહિ.** આ સંદર્ભમાં શ્રીમોટા અને શ્રી એ. જી. ભટ્ટ સાહેબ (લેખકના સદ્ગત પિતાશ્રી અને 'શ્રીમોટાચરણે'ની પ્રાર્થનાના રચિયાતા - સં.) વચ્ચે થયેલ વાર્તાલાપને નીચે રજૂ કરું છું.

**ભટ્ટ સાહેબ :** ભગવાનના સગુણ સ્વરૂપ જેવા કે ગણેશ, શિવ વગેરે અનંત પ્રકારો છે કે એક જ પ્રકાર હોય છે ! અને રૂપ નામને આધીન હોવાથી જ્યારે સાધકના હૃદયમાં પ્રકાશી ઊઠે છે ત્યારે જુદા જુદા સાધકને જુદા જુદા પ્રકારે ભાસે છે કે એક જ પ્રકારે ? તાત્પર્ય કે શિવ, વિષ્ણુ વગેરે સગુણ રૂપનાં પણ અનંત પ્રકારો છે કે એક જ પ્રકાર હોય છે !

**શ્રીમોટા :** હા, **એક જ ચેતન એક જ માત્ર છે.** જુદાજુદા દેવો કલ્પ્યા તે તો શાસ્ત્રકારોએ, અનુભવીઓએ, કે આ આને-ચેતનને સ્વીકારી ના શકે, નિરાકારને સ્વીકારી ન શકે અને નાનામાં નાનું બાળક શીખવા જાય છે તો એકડો પડાવે છે, મીંડું પડાવે છે, લીટી દોરાવડાવે, એમ કરીને શિખવાડે. એવી રીતે જુદાં જુદાં સાધનો દ્વારા, માણસ દ્વારા માણસોને એ ગ્રહણ કરી શકે એટલા માટે જુદા જુદા દેવોની આપણા લોકોએ, અનુભવી લોકોએ વાત કરી. એ એક જ ચેતન, બીજા કોઈ છે જ નહિ.

**ભટ્ટ સાહેબ :** પણ એનું કોઈ વિશિષ્ટ

સગુણ સ્વરૂપ હોય ખરું ?

**શ્રીમોટા :** વિશિષ્ટ સગુણ સ્વરૂપ નથી આ બધા દેવોના. આ તો ફલાણા દેવ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ તો ત્રણ ફૅકલ્ટી. એક ચેતન છે એના ત્રણ Function. એક સર્જન, એક રક્ષણ-પોષણ અને એક લય. આ ત્રણ કર્મો ચેતનના. એ ત્રણ કર્મોના ત્રણ દેવતા બનાવ્યા. લોકોની સમજણમાં આવે એટલા માટે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. એક ચેતન જ છે. **આ જુદા જુદા દેવો છે, એ હું માનતો નથી.**

**ભટ્ટ સાહેબ :** તો જે રૂપનું દર્શન થાય તે અમુક પ્રકારનું હોય એવુંને ?

**શ્રીમોટા :** એ તો એના મનમાં જેવું ધારેલું હોય તેવું તે થાય. કોઈ આકાશમાંથી અવતરતું નથી. પોતાના મનમાં જે ચિંતવન હોય, જેનું જે પ્રકારનું, તે પ્રકારનું થાય અને આ ગણેશનું રૂપ દેખાય છે તે પણ symbolic હોય છે.

**ભટ્ટ સાહેબ :** આ દેવોનું સ્વરૂપ કલ્પિત છે કે વાસ્તવિક ?

**શ્રીમોટા :** કલ્પિત, Reality કશું નહિ. Reality એક ચેતન એકલું જ. પછી કોઈ ગણપતિનો ભક્ત હોય તેને ગણપતિ જેવા આકારનાં દર્શન થાય. ગણપતિનું દર્શન થાય એ વાત ચોક્કસ એમાં મારી ના નથી. એ એને Reality થઈ જાય છે, પણ એ એક મર્યાદામાં બંધાઈ જાય છે. હંમેશાં આદર્શ રાખવો તો ઉચ્ચમાં ઉચ્ચ આદર્શ રાખવો. ગણપતિની સ્તુતિ કરતો હોઉં કે પાઠ કરતો હોઉં તોપણ મારા મનમાં મારી બુદ્ધિથી એમ જ સમજું કે આ ચેતન એક જ છે, સાધકને માટે અથવા કોઈ કરનારને માટે.

❑


## 'હરિભાવ' માસિકપત્રની માહિતી

**(ફૉર્મ નં. ૪, રૂલ નં. ૮)**

૧. પ્રકાશકનું સ્થળ : બી/૫, સ્વસ્તિક સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૪. પ્રકાશકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૫. તંત્રીનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૬. માલિકોનાં નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
સરનામું : બી/૫, સ્વસ્તિક સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

હું, પ્રભુદાસ જાની આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી
તા. ૩૧-૩-૨૦૧૯ પ્રકાશકની સહી
અમદાવાદ. **પ્રભુદાસ જાની**

# (૧૧) સયાજીરાવ મહારાજ સાથે એક મુલાકાત

શ્રીમોટા

એક વખત ઓગણીસો બત્રીસની સાલમાં અમારા બધા પૈસા જપ્ત થઈ ગયેલા એટલે અમને હરિજનનું કામ કરવા માટે ગુજરાત હરિજન કૉંગ્રેસ કમિટી બધા પૈસા આપતી. અમદાવાદમાં બધું જપ્ત થઈ ગયેલું. અમારી પાસે પૈસા-બૈસા મળે નહિ એટલે અમને એમ થયું કે આ સયાજીરાવ મહારાજને આપણે બધી વિગતે વાત કરીએ. તેમના રાજમાં આપણે આટલું આટલું કામ કર્યું છે અને કરીએ છીએ. આટલા વર્ષમાં પંચ્યાસી-સત્યાસી હજાર રૂપિયા થયેલા ખરા. તેમાંથી એટલા જો આપે તો આપણે વર્ષેક દહાડો કામ ચાલે. એમ કરીને બધાં કાગળિયાં ટાઈપ કરીને લઈ ગયેલા. પછી તેમનો ઈન્ટર્વ્યૂ લેવાને માટે, જવાબ લેવાને માટે, માને પાટીલ કરીને તેમના સેક્રેટરી હતા તે કહે, 'તમને મળવા દેવામાં નહિ આવે.' એણે તો અમને ઘસીને ના પાડી દીધી.

'અલ્યા ભાઈ, અમારે કામ છે.' તો કહે, 'આવા કામ માટે મહારાજા સાહેબને મળાય નહિ.' પછી અમે અબ્બાસ સાહેબને મળ્યા અને અબ્બાસ સાહેબે અમને ચિઠ્ઠી લખી આપી. ચિઠ્ઠી લખી આપી તે માને પાટીલને આપી. તોય એણે ગણકાર્યું નહિ. પછી અબ્બાસ સાહેબ પાસે ગયા. પછી ફોન કર્યો કે 'અલ્યા, ભલા આદમી, તારું શું જાય છે ? મહારાજ સાહેબને નહિ આપવું હોય તો નહિ આપે. એને મદદ નહિ કરવી હોય તો નહિ કરે. આ છોકરાઓને-બિચારાઓને મળવા તો દે. આખી કરિયર (=કારકિર્દી) છોડીને આ છોકરાઓ કામ કરે છે. બધા ગ્રેજ્યુએટ થયેલા છે. ગમે તેવા નથી. આ બહુ હોશિયાર છોકરાઓ છે. આવું બધું કામકાજ કરે છે. ગાયકવાડ સરકારના રાજમાં કામ કર્યું છે. તે તમે મળવા નથી દેતા તે બરોબર નહિ. મળવા દો. મારી ભલામણ છે.' ત્યાર પછી તેમણે 'હા' પાડી. મને કહે, 'આવી રીતે તમારાથી નહિ અવાય. આવો ડ્રેસ પહેરવો પડશે, ફલાણું કરવું પડશે, ઢીકણું કરવું પડશે.' મેં પરીક્ષિતલાલને કહ્યું કે, 'આ માણસને હમણાં 'હા એ હા' કરો નહિ તો પછી આપણને ઘસીને ના પાડી દેશે !' તે અમે એમ કર્યું.

એમનો દરબાર શરૂ થાય એની પાંચ મિનિટ મોડા જવું અને મોટર આપણે ભાડે કરવી પડશે. એટલે છેક સુધી આપણને ત્યાં લઈ જાય. અને પછી આપણે અંદર પ્રવેશવું. એટલે તે વખતે માને પાટીલ કંઈ આનાકાની કરી શકે નહિ. 'આવી ખાદીની ટોપી અને પહેરણ પહેરીને મળવા આવ્યા છો ?' એમ ત્યાં મહારાજ સાહેબ આગળ બોલી શકશે નહિ. મહારાજ સાહેબ તો અહીં-આપણી વાડ-છે એટલા વેગળા હોય. (શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસ ખાતે આ સત્સંગ થયો હતો. તે સ્થળનો ઉલ્લેખ છે-સં.) ત્યાંથી એક પછી એક બધાંનાં નામ બોલે. એટલે બધાં નીચે નમતાં નમતાં, સલામ કરતાં કરતાં જાય. મને તો બહુ હસવું આવે. મેં કહ્યું, 'આપણે આવી રીતે કંઈ જવું નથી.' અમારો વારો છેલ્લો મૂકેલો તે અમે તો છેક સીધા ચાલીને પાસે જઈને હાથ જોડીને નમસ્કાર કર્યા. પછી કહે, 'કેમ છોકરાઓ, કેમ આવ્યા છો ?' પછી અમે અમારી પાસે જે ગાયકવાડી રાજ્યમાં કામ કરેલું, તેનો બધો ટાઈપ કરેલો અહેવાલ

આપ્યો અને કહ્યું કે, 'સાહેબ, અમે તમારા રાજ્યમાં આટલે ઠેકાણે, આવી જાતનું કામ કરેલું છે. આટલાં વર્ષ થયાં. હવે અમને પૈસા મળતા હતા તે સરકારે જપ્ત કરી દીધા છે. અમારી પાસે પૈસા નથી અને અમારે આ કામ ચલાવવું છે.' અમે શું શું ભણ્યા છીએ તે બધું એમણે પૂછ્યું. પછી બહુ રાજી થયા. કહ્યું, 'વિગતથી વાત કરો, અને મારા રાજ્યમાં તમારે કેમ કામ કરવું પડ્યું ? હું તો તરફેણમાં છું.' એટલે માને પાટીલને બોલાવ્યા, 'જાઓ, તમે મને અઠવાડિયામાં એનો રિપોર્ટ આપો. આ લોકોને આપણા રાજ્યમાં આ કામ કેમ કરવું પડ્યું ? આપણા રાજ્યમાં હરિજનો માટે ઘણું કામ થાય એ માટેની મારી તો સંમતિ છે. આ લોકોને કેમ કામ કરવું પડ્યું ? ને આપણા લોકોએ કેમ હજી એ કામ નથી કર્યું ? પછી અમારું સાંભળ્યું, ગુજરાતમાં ક્યાં ક્યાં શું કામ કર્યું ? તે બધું પૂછ્યું. પછી એ તો બહુ રાજી થયા. 'હું તો બહુ ઈચ્છું છું કે જુવાનો દેશના આવા કામમાં પડે તો બહુ સારું. તમે કામ કરો છો, તેથી હું બહુ રાજી થયો છું. હું પણ તમને આ અઠવાડિયામાં, આઠદસ દિવસમાં જવાબ આપીશ. કારણ કે મારે આમાં પૉલિટિકલ એફેર્સ (=રાજકીય બાબતો) ને બીજું બધું સમજવું જોઈએ, નહિતર પછી પંચાત પડે !' અઠવાડિયા પછી મહારાજ સાહેબનો જવાબ આવ્યો ખરો કે, 'હું તમને મદદ કરવાને બહુ ઈન્તેજાર છું, પણ આ બધું તમારું રાજકીય વાતાવરણમાં સંડોવાયેલું હોવાથી, હું મદદ કરું તે ખરા અર્થમાં કોઈને સમજાશે નહિ એટલે દિલગીર છું. હું તમને મદદ કરી શકતો નથી.' આવો દિલસોજીવાળો કાગળ, સહાનુભૂતિવાળો કાગળ આવેલો. અમને બહુ બહુ તો માત્ર પાંચ મિનિટ એલોટ થયેલી, પણ મહારાજ સાહેબે અમારી સાથે પોણો કલાક સુધી વાત કરેલી. અને પછી તો અમારે માટે બે ખુરશીઓ મંગાવેલી. 'બેસો' કહ્યું અને નિરાંતે બધી વાત સાંભળી. પાછો ચા મંગાવડાવ્યો. અમને ચા પિવડાવ્યો. પછી કહે કે 'છોકરાઓ, તમને જોઈને બહુ રાજી થયો. તમારી પૈસા કમાવાની કરિયર છોડીને આ કામ કરો છો, તેથી બહુ રાજી થયો છું.' એટલું બધું સહાનુભૂતિવાળું વલણ એમનું હતું.

'અગ્રતા-એકાગ્રતા', પ્ર.આ., પૃ.૧૪૧ ❑

હરિ:ૐ

**રામનવમીની રાત્રે**

સને ૧૯૩૯ની ૨૯મી માર્ચે, રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યોનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પ્રવેશ્યો ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં શરીરનો ગુપ્ત ભાગ અને તેની આજુબાજુનો ભાગ બળી ગયેલો...તે અનુભવની વેળાથી મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી.

'I am Omnipresent" હું સર્વત્ર વિદ્યમાન છું,' એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે. **–શ્રીમોટા**

'જીવન સંશોધન', પ્ર.આ., પૃ.૪ ❑

યોગનું પહેલું અંગ યમ-તેના પાંચ અંશો છે. (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ.

યમો-નિયમો કેવલ યોગીઓના જ અર્થે છે એવું નથી. એ અખિલ માનવ સમાજને અર્થે છે. તે જ સમાજધર્મ છે. તે સર્વધર્મ છે. સનાતન છે.

**અહિંસા**

**કર્મ, મન અને વાણી દ્વારા કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારનું કષ્ટ ન દેવું, તેનું નામ અહિંસા.** સાધકે એ કદાપિ ન ભૂલવું જોઈએ કે પોતે યોગસાધના દ્વારા પોતાના અસ્થિર ચિત્તને સ્થિર કરવા માગે છે. જેના ચિત્તમાં રાગદ્વેષ વિષયક વિચારો વિપુલ હોય છે, તેનો યોગમાં એકદમ પ્રવેશ થતો નથી.

શાંત અને સ્વસ્થ ચિત્તે યોગસાધના કરવા માટે બહારની શાંતિની અનિવાર્ય આવશ્યકતા હોય છે. જો કોઈ પણ પ્રાણીને ઈચ્છાપૂર્વક કે અજાણતાં કોઈ ક્રિયા દ્વારા કષ્ટ કે હાનિ પહોંચાડ્યાં હશે, તો તે તમારા પ્રત્યે દ્વેષ પ્રકટ કરશે, તેમ જ તમને કષ્ટ અને હાનિ પહોંચાડવા માટે પ્રયત્ન કરશે જેથી તમારે સ્વરક્ષા માટે સાવધ રહેવું પડશે.

એક તો મનમાં છલોછલ અશાંતિ ભરેલી છે અને તેવી સ્થિતિમાં તમે નવી અશાંતિને આમંત્રણ આપશો તો યોગસાધના કોઈ કાળે કરી શકાશે નહિ. વળી, તમે જો કોઈને માટે મનમાં દ્વેષ કે તિરસ્કાર ભરી રાખશો તો તે દ્વેષ કે તિરસ્કાર ક્યારેક પ્રબલ બની સામાને કષ્ટ કે હાનિ પહોંચાડ્યાં વિના રહેશે નહિ અને પરિણામે બાહ્ય વિગ્રહ ઊભો થશે અને મનની અસ્થિરતા અનેકગણી વધી જશે.

યોગસાધના કરતાં કરતાં પ્રતિદિન પ્રેમભાવનાને અતિપ્રબલ બનાવતા જવાની છે. જો તમે દ્વેષ કે તિરસ્કારપૂર્વક કોઈપણ વ્યક્તિને કટુ વચનો સંભળાવશો તો તેનું પરિણામ એ આવશે કે સામી વ્યક્તિના હૃદયને અસહ્ય આઘાત થશે અને પ્રત્યાઘાત માટે તે ઉત્તેજિત થશે. વળી, એ ઉત્તેજનાના પ્રતિકાર માટે તમે પણ વિશેષ ઉત્તેજિત બની જશો. આવી સ્થિતિથી પણ મનની અસ્થિરતા અનેકગણી વધી જશે. પરિણામે યોગસાધના અસાધ્ય બની જશે. અતઃ સ્વમનની શાંતિ જળવાઈ રહે તે જ રીતે વર્તવું આવશ્યક છે.

યોગસાધનાનો આરંભ કરનાર પ્રત્યેક સાધકમાં અહિંસાની માત્રા એક સમાન હોતી નથી. એટલે પ્રત્યેક સાધકને પ્રાપ્ત અહિંસામાં ધીમે ધીમે વૃદ્ધિ કરતા રહેવાનું હોય છે. સાધના જેમ જેમ સમૃદ્ધ થતી જાય છે તેમ તેમ અહિંસા પુષ્ટ થતી જાય છે. સિદ્ધ મહાપુરુષની અહિંસા વિકસિત મહાવૃક્ષ સમાન અને સાધકની અહિંસા બીજ અથવા તો અંકુરિત બીજ સમાન હોય છે. પગલે પગલે પંથ કાપવાનો હોય છે. આ વાતનું કદાપિ વિસ્મરણ થવું ન ઘટે.

માનવમનનો મોટો અંશ હિંસાના સ્વાધિકારમાં હોય છે. સંસારમાં માનવને કટુ અનુભવોની ઉપલબ્ધિ ઘણી વધારે હોય છે.

તેની સામે મધુર અનુભવો ઘણા જ ઓછા હોય છે. આ કારણે માનવીનું મન હિંસાથી જ પરિપૂર્ણ ભરેલું હોય છે. મોક્ષની ઇચ્છાવાળો તો સાત્ત્વિક પ્રકૃતિનો જ હોય છે. તે છતાં ક્યારેક રજોગુણ તથા તમોગુણના પ્રવાહમાં તણાયા વિના રહેતો નથી.

અહિંસાનો પ્રાદુર્ભાવ સત્ત્વગુણની અવસ્થામાં અને હિંસાનો ઉદ્‌ભવ રજોગુણ અને તમોગુણમાં થાય છે. **માનસિક સ્વસ્થતા સદ્‌ગુણોની ખાણ છે જ્યારે માનસિક અસ્વસ્થતા દુર્ગુણોની ખાણ છે.** ધર્મ, અર્થ અને કામના પુરુષાર્થીઓ પ્રાયઃ રાજસી પ્રકૃતિના હોય છે. તેઓ સાત્ત્વિક પ્રકૃતિના સાધકો કરતાં અધિક હિંસા કરી બેસે છે. તામસી પ્રકૃતિના માણસોનો તો સ્વભાવ જ હિંસા કરવાનો હોય છે. તેમના મનમાં અહિંસાવૃત્તિનાં દર્શન ક્વચિત્ જ થાય છે અને તે સ્વલ્પ કાળમાં વિલુપ્ત થાય છે.

રાગમાં સહિષ્ણુતાનો નિવાસ હોવાથી તેની સાથે અહિંસા નિવાસ કરે છે અને દ્વેષમાં અસહિષ્ણુતાનો નિવાસ હોવાથી તેની સાથે હિંસા નિવાસ કરે છે. રાગ વધે તો જ સહિષ્ણુતા તથા અહિંસા વધે અને દ્વેષ ઘટે તો જ અસહિષ્ણુતા અને હિંસા ઘટે.

પરગુણ દર્શનથી રાગ અને પરદોષ દર્શનથી દ્વેષ ઉત્પન્ન થાય છે. માનસિક સ્વસ્થતા સાચવી રાખવાની આ જ કૂંચી છે. ❑

'આસન અને મુદ્રા', બી.આ., પૃ.૮૭

**(અનુસંધાન પેજ નં. ૬ નું ચાલુ)**

સમજવું. સર્વ વિષય વસ્તુમાં દ્રવ્ય જ મુખ્ય છે, કારણ કે તેના જ યોગે સર્વ વિષય વસ્તુ પ્રાપ્ત થાય છે. તો સત્પુરુષને તે દ્રવ્ય જ આપવામાં આવે એટલે મેલ-પાપ-હરણ થાય છે.

અગ્નિને ઈંધન ન મળે તો તે અગ્નિ આપોઆપ શાંત થઈ જાય છે, તેમ થોડો સમય પૂર્વ સંસ્કાર તમને ત્રાસ દેશે પણ પછી તો આપોઆપ જ શાંત થઈ વાસના બળી જાય છે. સત્પુરુષની અવસ્થા એવી હોય છે કે તેનો વાસનારૂપી અગ્નિ ઠરીને એટલો બધો શાંત થઈ ગયો હોય છે કે કેટલીએ વાસનાની વિષય વસ્તુ સામે આવે તેના યોગે વાસનારૂપ અગ્નિ તેમનામાં પુનઃ પ્રગટતો નથી. તેમના સહવાસથી તમારા જેવાનો જીવ પણ શાંત થાય છે.

સત્પુરુષ તરફથી થતો ત્રાસ સહન કરીને પણ ભક્તે સત્પુરુષનો સહવાસ છોડવો જ નહિ. આમ કરતાં કરતાં આત્મા સ્વચ્છ થયો એવું ક્યારે સમજવું ? તો **"તુલ્યનિંદાસ્તુતિર્મૌની"** નિંદા કે સ્તુતિ બાબતમાં પરવા ન રહે ત્યારે અખંડ સુખનો અનુભવ થાય છે. લોકદૃષ્ટિએ **સત્પુરુષની સર્વ ક્રિયા ભલે સારી કે ખોટી હોય, પણ તે જગતના કલ્યાણ માટે જ હોય છે.**

સત્પુરુષ સાથે જન્મભર સંબંધ રાખ્યો હોય તો મરણ પહેલાં નિદાન એક મહિના પહેલાં તેને આત્મા ઉપરનો મળ નષ્ટ થયાની ખબર પડે છે, પણ જેટલો મળ હોય તેટલો સમય લાગે છે. જેટલા પ્રમાણમાં આત્મા સ્વચ્છ થયો હોય તેટલા પ્રમાણમાં ખાતરીથી અનુભવ થાય છે. જો મરતાં પહેલાં પૂર્ણ અનુભવ આવે તો પછી તે 'જીવન્મુક્ત' થયો. શરીર જાય તો વિદેહમુક્ત કહેવાય છે. ❑

'શ્રીઉપાસની વાક્‌સુધા' પ્ર.આ.પૃ.૧૦૪

## (૧૩) વેપાર દ્વારા પણ જીવનવિકાસ શક્ય છે

શ્રીમોટા

**જીવનનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં રહીને આધ્યાત્મિકતાનો-જીવનનો વિકાસ ન થઈ શકે.** માત્ર વેપારની પ્રવૃત્તિ આપણા મનમાં મહત્ત્વપણે ભાગ ભજવતી ન હોય, પરંતુ તેના વડે કરીને આપણું જીવન કેવી રીતે ઘડાય છે તે કરવા પ્રત્યે આપણું દૃષ્ટિબિંદુ અને વર્તન રહેલું હોવું જોઈએ.

વેપાર જરૂર કરો, પણ તે કરતાં કરતાં પણ નામસ્મરણ કરો. પ્રત્યેક ઘરાકની સાથે ખૂબ પ્રેમભાવથી વર્તશો. આપણો ઉદ્દેશ ઘરાક ઉપર છાપ પાડવાનો ન હોય, પરંતુ એવો પ્રસંગ આપણી ભાવના વધારવાને માટે મળેલો છે એમ વિચારીને આપણું વર્તન રાખવું.

વેપારમાં આવું કેમ બની શકે, એવી મનની ગડભાંજમાં ઊતરશો નહિ. વેપારમાં તો આમ જ કરીએ તો કમાણી થઈ શકે એ બધા નિયમો વિશે ભલે પૂર્વગ્રહો કે માન્યતાઓ હોય પણ તે તો રહેવા દઈને બુદ્ધિથી આ વિગતને સમજવાને ખુલ્લા રહ્યા કરીશું તો આજે નહિ તો કાલે તે જરૂર આપણને સમજાઈ જવાનું છે.

એક દાખલા તરીકે કોઈ ઘરાકને આપણે ચા-નાસ્તો કરાવીએ તો તેની પાસેથી કમાવી લેવાની વૃત્તિ ના રાખીએ, પરંતુ જેમ આપણે ઘેર મહેમાન આવ્યા હોય અને તેની પ્રત્યે જેવી ભાવના રાખીએ તેવી ભાવના પણ ત્યાં રાખીએ. એમ થવાથી જ તે દિવસે આપણામાં પણ ભાવના વધશે. ઘરાક પાસેથી બજારભાવે આપણા માલની કિંમત લેવાની વૃત્તિ હોય તે સ્વાભાવિક છે, પરંતુ એની પાસેથી વધુમાં વધુ રકમ કેમ કઢાવી લેવાય તેવી વૃત્તિ જોરદારપણે આપણામાં રહેવી ન ઘટે, પરંતુ દુકાનનો ખર્ચો, ઘરનો ખર્ચો, running expence તેમ જ નફાની રકમ તે ઉપરાંત, આપણે જે દાનની પ્રવૃત્તિ ચલાવતાં હોઈએ તેનો ખ્યાલ માલની કિંમત કરતી વખતે આપણે રાખવો. આપણી પાસેથી ઘરાક ચાલ્યું ના જાય એટલે સુધીની શક્યતા વિચારીને તે બાબતમાં વર્તવાનું રાખીએ.

પ્રત્યેક ઘરાક સાથેની આપણી વર્તણૂક માત્ર તેને રાજી રાખવા માટે નહિ, પરંતુ આપણામાં ભાવના કેમ જાગે એ પ્રત્યે મુખ્ય દૃષ્ટિબિંદુ આપણે રાખવું રહે. એક સંસારી માણસ અને એક ભક્તજન કામ ભલે એકનું એક કરતા હોય, પરંતુ તે બન્નેના દૃષ્ટિબિંદુમાં આસમાન જમીનનો ફરક રહ્યા કરવાનો. આપણે માત્ર પૈસા કમાવા માટે જ વેપાર કરવાનો છે એમ નહિ, પરંતુ કર્મના પ્રારબ્ધસંજોગે આપણે તેવા વાતાવરણમાં મુકાયેલાં છીએ, તો તે જ ઠેકાણેથી આપણે આપણા જીવનની શરૂઆત કરવી જોઈએ.

શરૂઆતમાં આપણો સ્વભાવ શુદ્ધ થયેલો ન હોવાથી તેમાં વેપારની જૂની રીતો પ્રમાણે વર્તી જવાય તો તેથી કાંઈ શોક કરવો નહિ, પરંતુ વધારે ભાર તો જીવનવિકાસ કર્યા કરવામાં જ આપ્યા કરવો. એક વખત એમાં જો આપણે રંગાતાં થઈ જઈશું તો વેપાર પણ કેવી રીતે શુદ્ધ કરવો તેની સૂઝ આપણને આપોઆપ મળ્યા કરવાની છે.

જેને આવી સાધના કરવી છે તેણે સર્વ કોઈ પ્રત્યેના રાગદ્વેષો મનમાં રહેવા ન દેવા જોઈએ. જેના પ્રત્યે અન્યથાપણું હોય તેના પ્રત્યે વધારે ને વધારે પ્રેમ કરવો. પેઢીના માણસો રાખો પણ જો તેઓ પેઢીના માટે બજાવવા માટેની ફરજોમાંથી ચ્યુત થતા હોય તો નમ્રભાવે સ્પષ્ટતાથી કહેવાનો આપણો ધર્મ છે.

'ધનનો યોગ', બી.આ., પૃ. ૩૯ ❑



ઈશ્વરીપ્રકાશ

જ્યાં સુધી તેં તારી દૃષ્ટિને જગતના અન્ય જીવાત્માઓના ગુણદોષને જ જોવામાં રોકેલી છે, ત્યાં સુધી તારી એ દૃષ્ટિ ઈશ્વરના દિવ્ય સ્વરૂપને કેવી રીતે જોઈ શકશે ? માટે, જેમ બને તેમ ધીરે ધીરે દૃષ્ટિને પાછી વાળ અને તારા શ્વાસોશ્વાસની સંગાથે નાભિમાં ઉતાર.

દૃષ્ટિની સાથે મનનો સંબંધ છે. જેથી, મન પણ નાભિમાં આવશે. પછી ધીરે ધીરે તે આત્મામાં સ્થિર થશે અને આંતરવૃત્તિ થશે અને બહિર્વૃત્તિ તૂટી જશે. પછી બહારના જગતના દશ્યમાન પદાર્થ ઉપર દૃષ્ટિ પડશે તોપણ તેના ગુણદોષ નહિ દેખાય. તે પછી ઈશ્વરીપ્રકાશને પામીશ.

- શ્રીદાસાનુદાસ

*'વીણેલાં ફૂલ' ભાગ-૨, પૃ. ૨૧૨*

**HARIBHAV, MARCH - 2019**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



# ગુરુ રવિદાસ જયંતી

ઈ.સ.ની પંદરમી સદીમાં કાશીમાં સંત ગુરુ રવિદાસ - રૈદાસ થઈ ગયા. તેઓ પગરખાં સીવવાનો વ્યવસાય કરતા. મીરાંબાઈ, સિકંદર લોદી, શીખ સાહેબોએ તેમને ગુરુ માન્યા. રવિદાસ ઈશ્વરના નિરાકાર સ્વરૂપને ભજનારા નિર્ગુણવાદી સંત હતા. છતાં શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીહરિ જેવાં સંબોધનો વડે તેઓ પરમાત્મા પ્રત્યે પોતાનો ભક્તિભાવ રજૂ કરતા.

રવિદાસ જોડા સીવતાં સીવતાં ભજનો ગાતાં ત્યારે તેમની આંખમાંથી આસું વહ્યે જતા. તેઓ રામનામ જપ ઉપર ભાર મૂકતા. તેઓ માનતા કે આ યુગમાં ભક્તિનું એકમાત્ર સાધન નામસ્મરણ જપ છે.

પોતાને ફાળે આવેલું કામ ઈશ્વરનું સમજીને કરવું, એમ માનતા.

તેમનું એક ભજન છે :-

'પ્રભુજી, તુમ ચંદન, હમ પાની,
પ્રભુજી, તુમ સ્વામી હમ દાસા,
ઐસી ભક્તિ કરે રૈદાસા.'

સંદર્ભ : ગુજરાત સમાચાર
તા. ૧૯-૦૨-૨૦૧૯

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com